ૐ

# પરમાત્માને નમઃ

# વિધિ-વિજ્ઞાન

સંપાદક
શશીકાંત મ. શેઠ
ભાવનગર

પ્રકાશક :
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર



❈ પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :
❈ વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૦, જૂની માણેકવાડી,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭/ ૨૫૧૫૦૦૫
❈ ગુરુ ગૌરવ
શ્રી કુંદકુંદકહાન જૈન સાહિત્ય કેન્દ્ર,
પૂજ્ય સોગાનીજી માર્ગ, સોનગઢ.
❈ શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧
❈ શ્રી ડોલરભાઈ હેમાણી (કોલકાટા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭
❈ અમી અગ્રવાલ (અહમદાબાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩

❈ પ્રથમાવૃત્તિ : પ્રત : ૨,૦૦૦, વીર નિર્વાણ વર્ષ- સં. ૨૫૧૫
❈ દ્વિતીયાવૃત્તિ : પ્રત : ૫૦૦, ૦૧-૦૪-૨૦૦૦૮, પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતી
પૃષ્ઠ સંખ્યા : ૪ + ૮૮ = ૯૨
લાગત મૂલ્ય : ૨૦/-
વિક્રી મૂલ્ય : ૧૦/-

ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી,
૬/ શાંતિનાથ બંગ્લોઝ,
શશીપ્રભુ ચોક, શશીપ્રભુ માર્ગ,
રૂપાણી સર્કલની પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯

મુદ્રક :
ભગવતી ઑફસેટ
૧૫/સી, બંસીધર મિલ
કંપાઉન્ડ
બારડોલપુરા,
અહમદાવાદ–૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

## પ્રકાશકીય

આ 'વિધિ-વિજ્ઞાન' શીર્ષક સંકલન મુમુક્ષુઓ સમક્ષ મૂકતાં અમોને હર્ષ થાય છે. આ લઘુકાય પ્રકાશનનો વિષય 'ભેદજ્ઞાન' અને 'સ્વરૂપ પ્રાપ્તિની વિધિ (રીત)' છે. તેથી વિષયને અનુરૂપ શીર્ષક (પુસ્તકનું નામ) પસંદ કરેલ છે.

આપણા મુમુક્ષુ સમાજના તારણહાર અધ્યાત્મયુગ પ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી; વર્તમાનમાં પ્રત્યક્ષ ઉપકારી પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય ચંપાબેન; પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી; અને આત્મજ્ઞ સત્પુરુષ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીના વચનોમાંથી ઉક્ત વિષય જુદો તારવીનેઆ પ્રયોજનભૂત વિષય ઉપર મુમુક્ષુ જીવને અનેક પડખાઓથી તેમ જ ધર્માત્માઓની વિભિન્ન આગવી શૈલીથી નિજહિતનાં માર્ગમાં પ્રકાશ મળે તેવા હેતુથી અને ભાવનાથી આ સંકલન પ્રકાશિત કરવાનું થયું છે. આશા છે સૌને ગમશે અને યથાશક્તિ તેનો સદ્ઉપયોગ થશે.

ટ્રસ્ટની નીતિ અનુસાર આ પુસ્તકની વેચાણ કિંમત, પડતર કિંમતથી આશરે ૭૫% રાખેલ છે. સત્ સાહિત્ય પ્રકાશનમાં અનુરાગી મુમુક્ષુઓ તરફથી આવેલ દાનરાશિનું વિવરણ અન્ય સાભાર પ્રકાશન છે. મુદ્ર કાર્યના સહયોગ માટે ભગવતી ઑફસેટનો આભાર માનીએ છીએ.

ટ્રસ્ટીગણ,
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

આ વિધિ-વિજ્ઞાન ગ્રંથની વધુ માગણી મુમુક્ષુઓ તરફથી રહેવાથી તેની આ બીજી આવૃત્તિ પ્રકાશન કરવામાં આવેલ છે. મુમુક્ષુઓ તેનો અવશ્ય લાભ લ્યે તેવી ભાવના.

ફાગણ વદ ૧૦, ૦૧-૦૪-૦૮
પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતી

ટ્રસ્ટીગણ,
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર



જ્ઞાનને રોકનાર, શાંતિનો નાશ કરનાર, શ્રદ્ધાનો ભંગ કરનાર અને અભિમાનને વધારનાર 'કુતર્ક' માનસિક રોગ છે કે જે અનેક રીતે ધ્યાનનો શત્રુ (–ચંચળતા વધારનાર) છે. તેથી મોક્ષાભિલાષીઓએ પોતાના મનને કુતર્કમાં લગાવવું યોગ્ય નથી પરંતુ આત્મતત્ત્વમાં લગાવવું યોગ્ય છે કે જે આત્મ–ઉપલબ્ધિરૂપ સિદ્ધિ-સદનમાં પ્રવેશ કરાવનાર છે.

— શ્રી અમિતગતિ આચાર્ય.

'વિધિ-વિજ્ઞાન' પ્રકાશનાર્થે પ્રાપ્ત દાન રાશિ

શ્રીમતી ચંદ્રદિકાબેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર ૫,૦૦૦/-

ॐ

परमात्मने नमः

# વિધિ–વિજ્ઞાન

સત્પુરુષોના વચનામૃતમાંથી ઉદ્ધૃત રત્નો

## ‘ગુરુદેવશ્રીનાં વચનામૃત’માંથી ભેદજ્ઞાન-વિષયક વીણેલાં રત્નો

ક્રોધાદિ થવા કાળે, કોઈ પણ જીવ પોતાની હયાતી વિના ‘આ ક્રોધાદિ છે’ એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ તે ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ ‘જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન’ એમ મુખ્યપણે જણાવા છતાં ‘જ્ઞાન તે હું’ એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા ‘રાગાદિ તે હું’ એમ, રાગમાં એકતાબુદ્ધિથી, જાણે છે – માને છે; તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. ૪૭.

❁

જ્ઞાન અને રાગને લક્ષણભેદે સર્વથા જુદા પાડો તો જ



સર્વજ્ઞસ્વભાવી શુદ્ધ જીવ લક્ષમાં આવી શકે. જેમ જે સંપૂર્ણ વીતરાગ થાય તે જ સર્વજ્ઞ થઈ શકે, તેમ જે સર્વ પ્રકારના રાગથી જ્ઞાયકની ભિન્નતા સમજે તે જ સર્વજ્ઞસ્વભાવી આત્માને ઓળખી – અનુભવી શકે. એવી સાનુભવ ઓળખાણ કરનાર જીવો વિરલા જ છે. જેમ પાપભાવો શુદ્ધાત્માની સ્વાનુભૂતિથી બહાર છે, તેમ પુણ્યભાવો પણ બહાર જ રહે છે, સ્વાનુભૂતિમાં નથી પ્રવેશતા; અને તેથી જ તેમને ‘અભૂતાર્થ’ કહ્યા છે. પુણ્ય-પાપ રહિત નિજ શુદ્ધ આત્માની –ભૂતાર્થ જ્ઞાયકસ્વભાવની – અંતરમાં દૃષ્ટિ થતાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે, અને તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. ૫૬.

❁

શરીર શરીરનું કામ કરે છે ને આત્મા આત્માનું. બન્ને ભિન્ન-ભિન્ન સ્વતંત્ર છે. શરીરનું પરિણમન જે વખતે જે રીતે થવાનું હોય તે તેના પોતાથી જ થાય છે, એમાં માણસના હાથની વાત ક્યાં છે ? આત્મામાં પણ રાગ ને જ્ઞાનના પરિણામ થાય છે તે, આત્મા પોતે કરે છે. જ્યાં પોતપોતાનું કાર્ય કરવામાં બન્ને પદાર્થ સ્વતંત્ર છે, ત્યાં બહારનાં કામ કેટલાં સરેડે ચડાવ્યાં, આટલાં કર્યાં ને આટલાં છે –એ વાતને સ્થાન જ ક્યાં છે ? ૮૪.

❁

આત્મા પામવા માટે (ગુરુગમે) શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિચાર–મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે. ૧૨૬.

❁

અરે જીવ ! એક ક્ષણ વિચાર તો કર, કે સંયોગો વધવાથી તારા આત્મામાં શું વધ્યું ? અરે ! સંયોગો વધવાથી આત્માનું વધવાપણું માનવું તે તો મનુષ્યદેહને હારી જવા જેવું છે. ભાઈ ! તારા જ્ઞાનસ્વરૂપ આત્મા સાથે આ સંયોગો એકમેક નથી; માટે તેનાથી ભિન્નતાનું ભાન કર. ૨૦૮.



# શ્રી 'પરમાગમસાર'માંથી ભેદજ્ઞાન–વિષયક વીણેલાં રત્નો

પ્રશ્ન :– (સ્વભાવ અને વિભાવ) બન્ને જુદા જ છે તો જુદા પાડવાના સાધનની વાત ક્યાં રહી ?

ઉત્તર :– જુદા હોવા છતાં જુદા માન્યા છે ક્યાં ? તેથી જુદા પાડવાનું સાધન શું છે. તે અહીં સમજાવાય છે. જ્ઞાનની વર્તમાન દશાને વિકાર સાથે એકતા હતી તે જ્ઞાનની પર્યાય અંતરમાં વળે છે તે ભગવતી પ્રજ્ઞા છે અને તે ભગવતી પ્રજ્ઞા સાધન છે. વસ્તુ સાધન નથી; પણ તેની પ્રજ્ઞા દશા તે સાધન છે. કર્તા, કરણ ગુણ છે પણ તેની નિર્મળ પર્યાય તે સાધન છે. ૨૧.

પ્રશ્ન :– પરલક્ષી જ્ઞાનથી આત્મા જણાય નહીં ને અનાદિ મિથ્યાદષ્ટિને સ્વલક્ષી જ્ઞાન નથી તો સાધન શું ?

ઉત્તર :– રાગથી ભિન્ન પડવું તે સાધન છે. પ્રજ્ઞાછીણીને સાધન કહો કે અનુભૂતિને સાધન કહો, તે એક જ સાધન છે. ૧૪૬.

પ્રશ્ન :– એકદમ આત્મામાં કેમ જવાય ?

ઉત્તર :– રાગથી જુદો પડતા એકદમ આત્મામાં જવાય છે.

'આ હું નહીં, આ હું નહીં, રાગ તે હું નહીં ને આ જ્ઞાનમૂર્તિ તે જ હું' એમ અંદર ચાલતાં ચાલતાં આત્મામાં આવી જવાય છે. પણ એ વાતો બહુ આકરી છે, અલૌકિક છે, છતાં અંદર પ્રયત્નથી થઈ શકે તેવી છે. ૧૬૦.

❁

જે વિકલ્પ ઊઠે છે તેને ધર્મી જાણે છે, વિકલ્પ છે તેને ધર્મી જીવ કરતો તો નથી. પણ વિકલ્પ સંબંધી જે જ્ઞાન થયું તેનો કર્તા વિકલ્પ નથી. રાગ આવે છતાં રાગ છે માટે રાગ સંબંધીનું જ્ઞાનીને જ્ઞાન થાય છે તેમ નથી. રાગને ને જ્ઞાનીના જ્ઞાનને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે. છતાં રાગ છે તે જ્ઞાનનો કર્તા નથી. ૧૬૬.

❁

પ્રશ્ન :– હમારે લિયે ઇસ ચક્કરસે છૂટનેકે લિયે કોઈ રાસ્તા નહિ હૈ ?

ઉત્તર :– 'પરથી ભિન્ન છું ' તેવું ભેદજ્ઞાન કરવું તે જ એક સંસારના ચક્કરથી છૂટવાનો રસ્તો છે. બીજો કોઈ દુઃખથી છૂટવાનો રસ્તો નથી. ૧૭૬.

❁

રાગ સ્વભાવને સ્પર્શ્યો નથી એ વાત બેઠા વિના નિમિત્ત ઉપાદાનને સ્પર્શતું નથી એ વાત નહીં બેસે. ૨૦૮.

❁

કેવી રીતે ભિન્ન ભિન્ન કરે છે ? – કે સ્વપરગ્રાહક લક્ષણ ચૈતન્યપ્રકાશ છે તે ચૈતન્યને જાણીને અને રાગને જાણીને ભિન્ન ભિન્ન રાખે છે. સ્વ–પર ગ્રાહક એવો જ્ઞાનપ્રકાશ સ્વને જાણે છે ને પરને પણ જાણે છે; પણ પરને જાણીને જુદો રાખે છે.



ચૈતન્યલક્ષણ વડે તેને લક્ષિત કરતાં ધ્રુવના પૂર ઉપર લક્ષ જાય છે. ૨૫૯.

❁

જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું તેમ દુઃખ દુઃખ ને દુઃખ છે– ઝેર છે તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. ૩૦૭.

❁

સ્વપરપ્રકાશનો પુંજ પ્રભુ તો શુદ્ધ જ છે પણ તેને રાગથી ભિન્ન પડીને ઉપાસવામાં આવે તેને તે શુદ્ધ છે. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્રતા કરતાં શુદ્ધતા પ્રગટે છે તેને તે શુદ્ધ છે. રાગના વિકલ્પપણે થયો નથી માટે રાગાદિથી ભિન્ન પડીને જ્ઞાયકને સેવવામાં આવતાં પર્યાયમાં શુદ્ધતાનો નમૂનો આવ્યો તેને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવે છે. વિકલ્પવાળાને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવતો નથી. ૩૩૪.

જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને દેખનારાઓ ભૂતાર્થદર્શીઓ છે. પણ શાસ્ત્રને દેખનારા કે એક સમયની પર્યાયને દેખનારાઓ ભૂતાર્થદર્શી છે – એમ કહ્યું નથી. પૂર્ણાનંદના નાથ પ્રભુને પોતાની બુદ્ધિથી એટલે કે સ્વચૈતન્ય તરફ વળેલી જ્ઞાનદશારૂપ મતિજ્ઞાન વડે ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે અને રાગ આકુળતા સ્વરૂપ છે એમ બેનો વિવેક કરીને-ભેદવિજ્ઞાન કરીને અંતરના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકને આવિર્ભૂત કરીને આત્માને જ્ઞાયકપણે અનુભવે છે. ૩૪૪.

❁

પહેલામાં પહેલી ક્રિયા શું ? – કે સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણતા કરવી તે પ્રથમ ક્રિયા છે. દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ છે. પણ વર્તમાન પર્યાયમાં રાગાદિને મિશ્રિત કર્યા છે. તોપણ ભેદજ્ઞાનની પ્રવીણતાથી રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે એમ બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવાથી ભિન્નતા અનુભવી શકાય છે. ૩૪૮.

❁

એ રીતે સર્વ પ્રકારથી ભેદજ્ઞાનની પ્રવીણતાથી શું થાય છે ? – કે 'આ અનુભૂતિ છે તે જ હું છું' પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે તે હું નથી એમ આત્મજ્ઞાન થાય છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભવ થતાં આ અનુભૂતિ તે જ હું છું એમ સમ્યગ્જ્ઞાન થાય છે. ૩૪૯

❁

અતીન્દ્રિય આનંદના વેદનમાં આનંદસ્વરૂપ પ્રભુને પરથી ભિન્ન, દયા-દાન આદિના ભાવથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. શાસ્ત્રથી સાંભળીને કે ધારણાથી ભિન્ન જાણ્યો છે એમ નહીં. કેમકે એ તો રાગ-મિશ્રિતપણે જાણ્યું છે. પરંતુ રાગથી ભિન્ન નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશ વડે આત્માને ભિન્ન દેખવો તેને ભિન્ન જાણ્યો કહેવાય. ૩૬૭.

❁

ભલે જીવ તથા રાગ ભિન્નપણે રહીને એકક્ષેત્રે રહે પણ બન્ને કદી પણ એકરૂપ થયા નથી ને થઈ શકતા નથી. માટે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા. પ્રભુ ! તારી ચીજ કદી રાગરૂપે થઈ નથી માટે તું તારું ચિત્ત ઉજ્જવળ કરીને, સાવધાન થઈને રાગથી ભિન્નપણે



આનંદસ્વરૂપનો અનુભવ કર. પ્રસન્ન થઈને ભેદજ્ઞાન પૂર્વક આ સ્વદ્રવ્ય તે જ મારું છે એમ અનુભવ કર. ૩૮૫.

❁

ભાઈ ! તારે દુઃખના પંથ છોડવા હોય ને સુખના પંથે આવવું હોય તો પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે ને મારું સ્વરૂપ આનંદ છે – એમ અભિપ્રાયમાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર. શ્રદ્ધામાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર. શુભાશુભ ભાવ એ મેલ છે ને પ્રભુ નિર્મળાનંદ છે એમ જો યથાર્થ ભેદજ્ઞાન થાય તો તેને આસ્રવથી નિવર્તન થાય જ છે. જો આસ્રવથી નિવર્તન ન થાય તો તેને પારમાર્થિક ભેદજ્ઞાન થયું જ નથી. ૪૭૫.

❁

પ્રશ્ન :– રાગ અને આત્માની સૂક્ષ્મ સંધિ દેખાતી નથી, બીજા વિચારો આવ્યા કરે છે તો પ્રજ્ઞાછીણી કેમ મારવી ?

ઉત્તર :– પોતે ઊંધો પુરુષાર્થ કરે છે તેથી બીજા વિચારો આવ્યા કરે છે. પુરુષાર્થ કરીને ઉપયોગને સ્વભાવ સન્મુખ સૂક્ષ્મ કરે તો આત્મા અને બંધની સંધિ દેખાય અને જુદા પાડી શકે છે. ૫૦૫.

❁

(આત્માને) ચેતનાગુણમય લીધું છે કેમ કે જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે. તેથી ચેતનાગુણમય ત્રિકાળ છે એમ લીધું. આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લે ત્યારે પ્રગટે પણ ચેતનાનો પર્યાય જે છે તે તો અજ્ઞાનીને પણ વિકાસનો અંશ છે તેથી એમ કહ્યું કે, ચેતનાગુણમય આખો ભગવાન આત્મા છે. અંતર નજર કરતાં ચેતના... ચેતના... ચેતના.... સ્વભાવ જેનો અનંત અને અપરિમિત સ્વભાવ છે, એ ચેતનાગુણ ઉપર દૃષ્ટિ આપતાં રાગથી

ભિન્ન પડે, તે એનું સાધન છે. ૫૩૦.

❁

ભગવાન આત્મામાં જ્ઞાન અવસ્થિત છે તેથી જે જે પ્રસંગ બને તે તે પ્રસંગે તેનું જ્ઞાન કરવાનું ટાણું હોવા છતાં તેનું જ્ઞાન કરવાને બદલે જ્ઞેય-જ્ઞાનના ભેદજ્ઞાનથી શૂન્યપણાને લીધે જ્ઞેયરૂપ પોતાને જાણતો થકો જ્ઞાનપણે પરિણમવાને બદલે અજ્ઞાનપણે પરિણમતો થકો, રાગાદિ જ્ઞેય મારા છે એમ જાણતો થકો, અજ્ઞાની તેનો કર્તા થાય છે. અનાદિકાળથી જ્ઞેય-જ્ઞાયકની જુદાઈને નહીં જાણવાથી જ્ઞેયરૂપ પોતાને માનતો થકો, જ્ઞાનના પરિણામને અજ્ઞાનરૂપે કરતો થકો, વિકારનો કર્તા થાય છે. ૫૪૭.

❁

જ્ઞાનના અભ્યાસથી ભેદજ્ઞાન થાય છે ને ભેદજ્ઞાનના અભ્યાસથી કેવળજ્ઞાન થાય છે. ૬૧૩.

❁

જે આત્મા સ્વભાવનો અનાદર કરીને પર ચીજથી પોતાને સુખ માને છે તે જીવ મોટો પાપી છે. અંદર મોટી ચૈતન્યનિધિ પડી છે તેનો આદર કરતો નથી, ને જડમાં સુખ માને છે તે જીવને બહારમાં ભલે લક્ષ્મીના ગંજ હોય તોપણ તેને ભગવાન “પાપી” કહે છે. ને દેહથી ભિન્ન ચિદાનંદ સ્વભાવનું ભાન કરનારું નાનું દેડકું હોય તો તે પણ “પુણ્ય જીવ” છે, તે જીવ અલ્પ કાળમાં મોક્ષ ચાલ્યો જશે. શુભભાવ અમને લાભ કરશે, શરીરની ક્રિયાથી ધર્મ થશે, એમ માનનાર જીવ પણ પાપી છે. જેને અંદર પરથી ભિન્ન ચૈતન્યનું ભાન નથી એને ભેદજ્ઞાન વગર પાપની જડ કપાતી નથી, તેથી તે પાપ જીવ છે; ભલે મોટો રાજા હોય, પણ તેને ભિન્ન



ચૈતન્યનું ભાન નથી, તેને પાપનું મૂળિયું ઊભુ છે, તેથી તે પાપ જીવ છે; ભેદજ્ઞાન વગર મૂળ કપાતું નથી. ૭૫૮.

❁

અહીં મધ્યલોકમાં કૃત્રિમ જિનબિંબની વાત લીધી છે એટલે ધર્માત્મા નવી પ્રતિમાઓને બનાવીને પધરાવતા એવો અનાદિનો નિયમ છે, એમ નક્કી થાય છે; અને જે શાશ્વત પ્રતિમા છે તે કોઈએ બનાવી હોતી નથી. જે જીવ પોતે ભેદજ્ઞાન કરે છે તેને પ્રતિમાજી નિમિત્ત થાય છે. એટલે એનાં દર્શન-સ્તુતિ આદિ કરવાથી ભેદજ્ઞાન થાય છે. એક ધ્વની સિવાય સાક્ષાત્ ભગવાનની જેમ પ્રતિમાજી છે ! જે પોતે ધર્મ પામે છે તેને તે નિમિત્ત થાય છે. અહીં પ્રતિમાજીને સ્વપર ભેદવિજ્ઞાનમાં નિમિત્ત કહેલ છે. જે જીવો પ્રતિમાજીને માનતા જ નથી એને કહે છે કે સમ્યગ્દર્શન આદિમાં વસ્ત્રાદિ રહિત વીતરાગ પ્રતિમાજીનું નિમિત્ત હોય છે. વળી એમને અભિષેક પણ સ્વચ્છ પાણી સિવાય અન્ય વડે હોય નહીં. ૮૨૬.

❁

વિકાર તથા સ્વભાવને જીવ એક માની રહ્યો છે, તેથી સાચા વિચાર કરી શકતો નથી. જો મિથ્યા વિચારમાં ઢીલો પડે કે વિકાર કૃત્રિમ છે ને સ્વભાવ નિરૂપાધિસ્વભાવ છે તો ભેદજ્ઞાનનો અવસર આવે; પણ અજ્ઞાનીએ એકતા માની છે. દયા-દાનાદિથી ધર્મ માને છે તે માન્યતાથી એટલે મિથ્યાદર્શનના બળથી બન્નેની જુદાઈ કરતો નથી. વ્યવહાર કરીએ, કષાય મંદ કરીએ તો ધર્મ થાય – એવી ઊંધી શ્રદ્ધા સ્વભાવને તથા વિભાવને જુદા જાણવાના વિચાર કરવા દેતી નથી. ૯૨૯.

❁

સ્વ-પરનું શ્રદ્ધાન થતાં પોતાને પરથી ભિન્ન જાણે તો પોતાના આશ્રયે સંવર–નિર્જરારૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપાય કરે અને પોતાથી ભિન્ન પરદ્રવ્યો છે એમ શ્રદ્ધાન થતાં પરને લક્ષે પુણ્ય-પાપ, આસ્રવ-બંધ થાય છે, તેને છોડવાનું શ્રદ્ધાન થાય છે. પોતાને પરથી ભિન્ન જાણતાં પોતાના હિતને અર્થે પ્રવર્તે અને પોતાથી પરને ભિન્ન જાણતાં તેના પ્રત્યે ઉદાસીન થાય અને રાગાદિ છોડવાનું શ્રદ્ધાન થાય એમ સામાન્ય રીતે જીવ-અજીવ બન્ને જાતિને જાણે તો મોક્ષ થાય. ૯૬૫.

❁

જો તિર્યંચને પણ સાત તત્ત્વોનું ભાન ન હોય તો સમ્યગ્દર્શન ન હોય, કેમ કે જો તે જીવની જાતિ ન જાણે તો સ્વ-પરને ન ઓળખે અને તેથી પરમાં રાગાદિ કર્યા વિના રહે નહિ. મન, વાણી આદિને પોતાનાં માનીને એ રાગ કર્યા વિના રહે નહિ. પરંતુ ઢોરને પણ જીવ-અજીવાદિનું શ્રદ્ધાન હોય છે, તેથી તે પરમાં રાગાદિ કરતાં નથી. દેડકા, ચકલા કોઈ આત્મજ્ઞાન પામે છે એને જીવતત્ત્વનું યથાર્થ ભાન હોય છે. મારો ચૈતન્યસ્વભાવ છે તે પરમાં નથી,તેથી પર તે હું નથી અને મારામાં પર નથી, એવા પરથી ભિન્ન પોતાનાં સ્વરૂપને ઢોર બરાબર જાણે છે. તેને પરમાં એકત્વબુદ્ધિ થઈને રાગાદિ થતા નથી.૯૬૯.

❁



# ‘બહેનશ્રીનાં વચનામૃત’માંથી ભેદજ્ઞાન–વિષયક વીણેલાં રત્નો

‘હું જ્ઞાયક ને આ પર,’ બાકી બધાં જાણવાનાં પડખાં છે. ‘હું જ્ઞાયક છું, બાકી બધું પર’ – આ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે, પણ પોતે ઊંડો ઊતરતો જ નથી, કરવા ધારતો નથી, એટલે અઘરું લાગે. ૧૩.

❁

જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે. શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે. જો મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાંતિ–સમાધાન રહેશે, જ્ઞાતા-દ્રષ્ટાપણે રહી શકાશે. ૧૭.

❁

પ્રયોજન તો એક આત્માનું જ રાખવું. આત્માનો રસ લાગે ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે. ૬૯.

❁

શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ

ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે. જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા. ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે. અનેક જાતનાં કર્મનાં ઉદય, સત્તા, અનુભાગ તથા કર્મનિમિત્તક વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદાં છે. ૭૯.

❁

જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણું પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. ૮૧.

❁

‘ હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું.’– એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. વિકલ્પથી મલિન થઈ – મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે. ૮૨.

❁



અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે. તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે, તે તન્મયતા છોડ. ૮૬.

❁

કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય? ૧૨૭.

❁

જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે. ૧૫૫.

❁

દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે – નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. ‘આ બધા જે કષાયો– વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું’ એમ ઓળખે – પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે. ૧૬૨.

❁

પહેલાં ધ્યાન સાચું હોતું નથી. પહેલાં જ્ઞાન સાચું થાય છે કે – આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ બધાંથી જુદો હું છું; અંદરમાં વિભાવ થાય તે હું નથી; ઊંચામાં ઊંચા શુભભાવ તે હું નથી; બધાંથી જુદો હું જ્ઞાયક છું. ૧૭૮.

❁

નિર્વિકલ્પ દશામાં ‘આ ધ્યાન છે, આ ધ્યેય છે’ એવા વિકલ્પો

તૂટી ગયા હોય છે. જોકે જ્ઞાનીને સવિકલ્પ દશામાં પણ દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે, તોપણ પંચપરમેષ્ઠી, ધ્યાતા-ધ્યાન-ધ્યેય ઇત્યાદિ સંબંધી વિકલ્પો પણ હોય છે; પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે, શુભાશુભ વિકલ્પો રહેતા નથી. ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે. – એવો માર્ગ છે. ૧૮૧.

❁

પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.

અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી પાડ. જે ક્ષણે વિભાવ-ભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે. જુદો જ છે પણ તને ભાસતો નથી. વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદા જ; – જેમ પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદાં જ છે તેમ.

પ્રશ્ન :– સોનું તો ચળકે છે એટલે પથ્થર ને તે – બંને જુદા જણાય છે, પણ આ કઈ રીતે જુદા જણાય ?

ઉત્તર :– આ જ્ઞાન પણ ચળકે જ છે ને ? વિભાવ-ભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે–જણાય છે. જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય ?

જેમ સાચાં મોતી ને ખોટાં મોતી ભેગાં હોય તો મોતીનો પારખુ એમાંથી સાચાં મોતીને જુદાં પાડી લે છે, તેમ આત્માને



'પ્રજ્ઞાથી ગ્રહવો.' જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે હું – એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદા પાડી શકાય છે. આ જુદા પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.

સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ–સુખબુદ્ધિ તૂટી જાય છે. સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે. ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય. એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે. ૧૯૭.

❁

'શુભાશુભ ભાવથી જુદો, હું જ્ઞાયક છું' તે દરેક પ્રસંગમાં યાદ રાખવું. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે જ મનુષ્યજીવનની સાર્થકતા છે. ૨૭૬.

❁

પોતે પરથી ને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો. એકતાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે. એકત્વ તોડવાનો ક્ષણે ક્ષણે અભ્યાસ કરવો. ૨૮૫.

❁

દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ – ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે. દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે. નિરાળો તો છે જ પણ પ્રગટ નિરાળો થઈ જાય છે.

તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાન–વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે. હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું; વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે, આખું બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે. – આવો અચળ નિર્ણય હોય છે. સ્વરૂપ-અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઊંચે ચડીને – ઊર્ધ્વપણે બિરાજે છે, બીજું બધું નીચે રહી ગયું હોય છે. ૩૮૯.

પરથી ભિન્ન જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરી વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મતિશ્રુતના વિકલ્પો તૂટી જાય છે, ઉપયોગ ઊંડાણમાં ચાલ્યો જાય છે અને ભોંયરામાં ભગવાનનાં દર્શન પ્રાપ્ત થાય તેમ ઊંડાણમાં આત્મભગવાન દર્શન દે છે. આમ સ્વાનુભૂતિની કળા હાથમાં આવતાં, કઈ રીતે પૂર્ણતા પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે, કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે. ૪૦૪.

જ્ઞાનના અભ્યાસથી ભેદજ્ઞાન થાય છે અને ભેદજ્ઞાનના અભ્યાસથી કેવલજ્ઞાન થાય છે.
– પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી



# 'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી ભેદજ્ઞાન–વિષયક વીણેલાં રત્નો

સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.
સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.
પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.
– (બોધવચન : ૧૦૮, ૧૧૦, ૧૧૫,૧૧૭; વર્ષ ૧૭માં પહેલાં)

આ જીવ ને આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં,
પચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં,
– (પત્રાંક : ૨૬૭, પૃ. ૨૯૮, વર્ષ ૨૪ મું)

દેહ તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. ઘડાને જોનાર જેમ ઘડાદિથી ભિન્ન છે, તેમ દેહનો જોનાર, જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે, અર્થાત્ દેહ નથી.

વિચાર કરતાં એ વાત પ્રગટ અનુભવસિદ્ધ થાય છે, તો પછી

એ ભિન્ન દેહનાં તેના સ્વાભાવિક ક્ષય-વૃદ્ધિ-રૂપાદિ પરિણામ જોઈ હર્ષ -શોકવાન થવું કોઈ રીતે ઘટતું નથી; અને અમને તમને તે નિર્ધાર કરવો, રાખવો ઘટે છે, અને એ જ્ઞાનીના માર્ગનો મુખ્ય ધ્વનિ છે.

– (પત્રાંક : ૪૨૫, પૃ. ૩૬૨, વર્ષ ૨૬ મું)

❁

આ આત્મભાવ છે, અને આ અન્યભાવ છે, એવું બોધબીજ આત્માને વિષે પરિણમિત થવાથી અન્યભાવને વિષે સહેજે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે, અને તે ઉદાસીનતા અનુક્રમે તે અન્યભાવથી સર્વથા મુક્તપણું કરે છે.

– (પત્રાંક : ૫૨૫, પૃ. ૪૨૧, વર્ષ ૨૭મું)

❁

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯.
જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧.
સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪.

– (આત્મસિદ્ધિ)

❁

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.



ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.

જેમ આકાશમાં વિશ્વમાં પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યગ્દષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

– (પત્રાંક : ૮૩૩, પૃ. ૬૨૦-૬૨૧ વર્ષ ૩૧મું)

❁

દેહ અને આત્માનો ભેદ પાડવો તે ' ભેદજ્ઞાન'; જ્ઞાનીનો તે જાપ છે. તે જાપથી દેહ અને આત્મા જુદા પાડી શકે છે. તે ભેદવિજ્ઞાન થવા માટે મહાત્માઓએ સકળ શાસ્ત્રો રચ્યાં છે. જેમ તેજાબથી સોનું તથા કથીર જુદાં પડે છે, તેમ જ્ઞાનીના ભેદવિજ્ઞાનના જાપરૂપ તેજાબથી સ્વાભાવિક આત્મદ્રવ્ય અગુરુલઘુ સ્વભાવવાળું હોઈને પ્રયોગી દ્રવ્યથી જુદું પડી સ્વધર્મમાં આવે છે.

બીજાં ઉદયમાં આવેલાં કર્મોનું આત્મા ગમે તેમ સમાધાન કરી શકે, પણ વેદનીય કર્મમાં તેમ થઈ શકે નહીં; ને તે આત્મપ્રદેશે વેદવું જ જોઈએ; ને તે વેદતાં મુશ્કેલીનો પૂર્ણ અનુભવ થાય છે. ત્યાં જો ભેદજ્ઞાન સંપૂર્ણ પ્રગટ થયું ન હોય તો આત્મા દેહાકારે પરિણમે, એટલે દેહ પોતાનો માની લઈ વેદે છે, અને તેને લઈને આત્માની શાંતિનો ભંગ થાય છે. આવા પ્રસંગે જેમને ભેદજ્ઞાન સંપૂર્ણ થયું છે એવા જ્ઞાનીઓને અશાતાવેદની વેદતાં નિર્જરા થાય

છે, ને ત્યાં જ્ઞાનીની કસોટી થાય છે. એટલે બીજાં દર્શનોવાળા ત્યાં તે પ્રમાણે ટકી શકતા નથી, ને જ્ઞાની એવી રીતે માનીને ટકી શકે છે. – (વ્યાખ્યાનસાર-૨ : પૃ. ૭૭૩)

હે જીવ ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારું સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે.
– (હાથનોંધ-૨ : પૃ. ૮૧૯)

પ્રશ્ન :— જ્ઞાનમાં રાગ જણાય છે. પણ જ્ઞાનમાં રાગ એકમેક હોય એવું કેમ લાગે છે ?

ઉત્તર — ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની રાગ અને જ્ઞાનની અતિ નિકટતા દેખી એકમેક હોય તેવું માને છે; પણ રાગ અને જ્ઞાન એકમેક છે નહિ.
– પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી



# 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી ભેદજ્ઞાન–વિષયક વીણેલાં રત્નો

હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું. વર્તમાનમાં જ દેવાદિક પર અથવા એને આશ્રિત રાગથી કિંચિત્ માત્ર લાભનું કારણ નથી. લાભ માનવો એ જ અલાભ છે. વેદન સિવાય બીજી કોઈ પણ ક્રિયા જીવની નથી. શરીર-આશ્રિત અથવા અન્ય કોઈ પર-આશ્રિત આકુલિત વેદનને એ જ સમયે જ્ઞાનવેદન દ્વારા ગૌણ કરતાં કરતાં નાશ કરવું એ જ મુમુક્ષુઓનું ધ્યેય હોવું જોઈએ. આ જ્ઞાનવેદન અખંડ ત્રૈકાલિક અપરિણામી ધ્રુવ અસ્તિત્વમયી સ્વપણાના અનુભવમાં સહજ જ ઉદય પામે છે. રાગથી ભેદ કરતું કરતું (જ્ઞાન) નિઃશંકિત, નિરાકુળ સુખવેદનની સાથે જ પ્રત્યક્ષ પ્રમાણ રૂપ પ્રગટ થાય છે. તે વૃદ્ધિ પામતું પામતું અનંત સુખ અને અનંત જ્ઞાનનો લાભ કરાવે છે. અપ્રસિદ્ધ અવેદક મુખ્ય અખંડ સ્વભાવમાં શ્રદ્ધાના સ્વઅસ્તિત્વરૂપે ફેલાતાં જ પ્રસિદ્ધ વેદન ગૌણ બની જઈ એક જ કાળે ત્રિકાળી અને વર્તમાન બંને ભાવોનો અનુભવ થાય છે. આ જ ભેદજ્ઞાન છે. રાગથી ભિન્ન એવા જ્ઞાનનો અનુભવ એ રીતે જ થાય છે,

બીજી રીતે થતો નથી. – (પત્રાંક : ૩૦)

❁

અખંડ ત્રિકાલી જ્ઞાનસ્વભાવ (આત્મા) ને જ્ઞેય બનાવીને એના આશ્રયે એકાગ્ર થયેલા જ્ઞાન-પરિણામ વિભાવ અંશથી ભિન્ન રહેતાં, વિભાવને પરજ્ઞેયની જેમ જાણે-દેખે છે. – આ જ ભેદજ્ઞાન છે. સાધકને એક જ સમયમાં એક જ પરિણામમાં બંને પ્રકારના જુદા જુદા અનુભવ થાય છે અને આકુલિત વિભાવ અંશથી અનાકુલ જ્ઞાનભાવના ભિન્ન સ્વાદનું પ્રત્યક્ષ અંતર ભાસે છે.

– (પત્રાંક : ૩૭)

❁

તત્ત્વદષ્ટિએ સ્વભાવ-બળમાં જામી જતાં જ આવવું જવું કે નહિ આવવું-જવું તે ભિન્ન પડેલા જ્ઞાનમાં સહજ જ મોહભાવ પ્રતિભાસે છે. આ મોહભાવ ત્રિકાલમાં પૌદ્ગલિક જ છે, તો એની પકડ શા માટે ? એ આપણા છે જ નહીં એવો એનાથી ભિન્ન અનુભવ માત્ર આપણું લક્ષ્ય હોવું જોઈએ.

– (પત્રાંક : ૪૧)

❁

(શુભાશુભ પરિણામ થવા છતાં અંતરંગસ્થિતિ બતાવતાં કહ્યું –)

અશુભ પરિણામના કાળમાં આ તરફનો (સ્વસન્મુખતાનો) ઝૂકાવ મંદ થાય છે, શુભ પરિણામના કાળમાં આ તરફનો વધારે ઝૂકાવ થાય છે. દષ્ટિનો ઝૂકાવ તો તેવો ને તેવો જ છે. લડાઈના કાળમાં બહાર લડાઈની ક્રિયા થાય છે, અને રાગમાં અશુભ રાગની ક્રિયા થાય છે અને હું તો મારામાં જ અચલ રહું છું. મારામાં તો



તે જ સમયે રાગની ક્રિયાનો પણ અભાવ છે.

– (ચર્ચા-સમાધાન : ૩૪)

❁

હરસમય વિકલ્પથી ભેદજ્ઞાન કરવું નથી પડતું, સહજરૂપ થઈ જાય છે. – (પત્રાંક : ૩૬)

❁

(જ્ઞાતા-દષ્ટાનું સ્વરૂપ બતાવતા કહ્યું) નિર્વિકલ્પ અનુભવ થતાં જ જ્ઞાતાદષ્ટા થઈ શકાય છે. એમ વિકલ્પથી જ જ્ઞાતા માનીને-થવાવાળું હતું તે થયું, એમ માનીને સમાધાનમાં સુખ માને છે, તે તો (માંસ ખાવાવાળા) માંસ ખાવામાં અઘોરી અને ભૂંડ વિષ્ટા ખાવામાં, પતંગિયું દીપકમાં સુખ માને છે, તેવું તે સુખ છે. નિર્વિકલ્પ અનુભવ વિના ધારણામાં ઠીક માને-સુખ માને, તે તો કલ્પનામાત્ર છે, વાસ્તવિક સુખ નથી. ૧૧૧.

❁

સ્વદ્રવ્યમાં એકત્વ કર્યા વિના રાગથી અને શરીરથી ભિન્નતા થઈ શકતી નથી, ભલે ભિન્ન છે, ભિન્ન છે એમ કહે. અને પોતાના દ્રવ્યમાં એકત્વ થતાં સહજ જ ભિન્નતા થઈ જાય છે, વિકલ્પ ઉઠાવવો પડતો નથી, સહજ જ ભિન્નતા રહે છે. ૧૫૨.

❁

પહેલાં વિકલ્પ ઉઠે છે. પાછળથી સમાધાન કરે કે તે સ્વતંત્ર છે – (તો તે યથાર્થ નથી) વિકલ્પની સાથોસાથ તે જ ક્ષણે તેનાથી ભિન્નતા થવી જોઈએ. ૧૮૪.

❁

પ્રશ્ન :– રાગ જ્ઞેય છે કે દુઃખરૂપ છે ?

ઉત્તર :– અહીં (સ્વભાવમાં) આવ્યો તો રાગ જ્ઞાનમાં જ્ઞેયરૂપ જાણવામાં આવે છે, અને વેદનમાં દુઃખ રૂપ લાગે છે. ૩૩૨.

❁

પ્રશ્ન :– ઉપયોગ સ્વસન્મુખ થાય છે ત્યારે જે (પરથી) ભિન્નતા ભાસે છે એવી (ભિન્નતા) વિકલ્પના કાળમાં ભાસે છે ?

ઉત્તર :– વિકલ્પના કાળમાં પણ પ્રત્યક્ષ ભિન્નતાનો અનુભવ છે. વળી ઉપયોગને મુખ્ય શા માટે કરો છો ? "હું તો ધ્રુવતત્ત્વ છું" તેની મુખ્યતા કરવી જોઈએ. શ્રદ્ધા-જ્ઞાન, વિકલ્પના કાળમાં ધારણાની જેમ, ખાલી પડેલા જ નથી પરંતુ પરિણમનરૂપ છે. ૪૫૯.

❁

(રાગને) જ્ઞાનનું જ્ઞેય, જ્ઞાનનું જ્ઞેય કહે છે અને લક્ષ રાગ તરફ છે તો તે સાચું જ્ઞાનનું જ્ઞેય છે જ નહિ. જ્ઞાનનું જ્ઞેય તો અંદરમાં સહજરૂપ થઈ જાય છે. લક્ષ બહાર પડ્યું છે અને જ્ઞાનનું જ્ઞેય છે એમ બોલે તો મને તો ખટકે છે. એ રીતે 'યોગ્યતા', 'ક્રમબદ્ધ' વગેરે બધામાં લક્ષ બહાર પડ્યું હોય અને કહે, તે તો મને ખટકે છે. ૫૭૯.

❁

આખું જગત જ્ઞાનનું જ્ઞેય છે – અનુકૂળ–પ્રતિકૂળ કાંઈ નથી. આ અભિપ્રાયમાં દૃષ્ટિ અભેદ હોવી જોઈએ, દૃષ્ટિમાં મચક નહિ આવવી જોઈએ. અભિપ્રાયમાં પરથી લાભ-નુકશાનની માન્યતા નથી. અભિપ્રાયમાં ઈચ્છા અને દીનતા નહિ હોવાં જોઈએ. ૫૯૩.



ॐ

## 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'માંથી વિધિ–વિષયક વીણેલાં રત્નો

નિમિત્તની અપેક્ષા લેવામાં આવે તો બંધ-મોક્ષ બે પડખાં પડે છે અને તેની અપેક્ષા ન લેતાં એકલું નિરપેક્ષ તત્ત્વ જ લક્ષમાં લેવામાં આવે તો સ્વપર્યાય પ્રગટે છે. ૮.

❁

અખંડ દ્રવ્ય અને અવસ્થા બંનેનું જ્ઞાન હોવા છતાં અખંડસ્વભાવ તરફ લક્ષ રાખવું, ઉપયોગનો દોર અખંડ દ્રવ્ય તરફ લઈ જવો, તે અંતરમાં સમભાવને પ્રગટ કરે છે. સ્વાશ્રય વડે બંધનો નાશ કરતો જે નિર્મળ પર્યાય પ્રગટ્યો તેને ભગવાન મોક્ષમાર્ગ અર્થાત્ ધર્મ કહે છે. ૧૧.

❁

સાધક જીવની દૃષ્ટિ

અધ્યાત્મમાં હંમેશાં નિશ્ચયનય જ મુખ્ય છે; તેના જ આશ્રયે ધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને જ મુખ્ય અને વ્યવહારનયને

ગૌણ કરવાનો આશય છે – એમ સમજવું; કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુદ્ધપર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશા નિશ્ચયનય જ આદરણીય છે; તે વખતે બન્ને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બન્ને નયો કદી આદરણીય નથી. વ્યવહારનયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી. પરંતુ તેના આશ્રયે તો રાગદ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

છયે દ્રવ્યો, તેના ગુણો અને તેના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને કોઈ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે. અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે – એમ વ્યવહારનયે કહેવામાં–સમજાવવામાં આવે; પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે. શુદ્ધતા પ્રગટ કરવા માટે કોઈ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહારનય આદરણીય છે – એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ કરતા જાય છે, તેથી સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના જોરે સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્યગૌણપણું હોતું નથી અને નય



પણ હોતા નથી. ૧૬.

❁

અનંત ગુણસ્વરૂપ આત્મા, તેના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ, તેને (આત્માને) એકને ધ્યેય બનાવી તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો એ જ પહેલામાં પહેલો શાન્તિ-સુખનો ઉપાય છે. ૧૭.

❁

સહજ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણસમૃદ્ધિથી ભરપૂર જે નિજ જ્ઞાયક તત્ત્વ છે તેને અધૂરા, વિકારી ને પૂરા પર્યાયની અપેક્ષા વગર લક્ષમાં લેવું તે દ્રવ્યદૃષ્ટિ છે, તે જ યથાર્થ દૃષ્ટિ છે. શ્રુતજ્ઞાનના બળ વડે પ્રથમ જ્ઞાનસ્વભાવ આત્માનો બરાબર નિર્ણય કરીને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના વ્યાપારને આત્મસન્મુખ કર્યો તે વ્યવહાર છે, – પ્રયત્ન કરવો તે વ્યવહાર છે. ઈન્દ્રિયો ને મન તરફ રોકાતું તથા ઓછા ઉઘાડવાળું જે જ્ઞાન તેના વ્યાપારને સ્વ તરફ વાળવો તે વ્યવહાર છે. સહજ શુદ્ધપારિણામિકભાવ તો પરિપૂર્ણ એકરૂપ છે; પર્યાયમાં અધૂરાશ છે, વિકાર છે, માટે પ્રયાસ કરવાનું રહે છે. પર્યાયદૃષ્ટિએ સાધ્યસાધકના ભેદ પડે છે. પર્યાયદૃષ્ટિએ વિકાર ને અધૂરાશ છે; તેને તત્ત્વદૃષ્ટિના જોરપૂર્વક ટાળીને સાધક જીવ અનુક્રમે પૂર્ણ નિર્મળતા પ્રગટ કરે છે. યથાર્થ દૃષ્ટિ થયા પછી સાધક-અવસ્થા વચ્ચે આવ્યા વિના રહેતી નથી. આત્માનું ભાન કરીને સ્વભાવમાં એકાગ્ર થાય છે ત્યારે જ પરમાત્મારૂપ સમયસારને અનુભવે છે, આત્માના અપૂર્વ ને અનુપમ આનંદને અનુભવે છે, આનંદનાં ઝરણાં ઝરે છે. ૫૦.

❁

ધર્મ એટલે શું ? ધર્મી જીવ કોને કહેવો ? લોકો કહે છે કે

અમારે ધર્મ કરવો છે. તો ધર્મ ક્યાંથી થાય ! ધર્મ શરીર, વાણી, પૈસા વગેરેથી થાય નહિ; કેમ કે તે તો બધાં આત્માથી ભિન્ન અચેતન પરદ્રવ્યો છે, તેમાં આત્માનો ધર્મ રહેલો નથી. વળી મિથ્યાત્વ, હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય વગેરે પાપભાવ કે દયા, દાન, પૂજા, ભક્તિ વગેરે પુણ્યભાવથી પણ ધર્મ થતો નથી; કેમ કે તે બન્ને વિકારી ભાવ છે. આત્માની નિર્વિકારી શુદ્ધ દશા તે જ ધર્મ છે. તેનો કરનાર આત્મા પોતે જ છે. તે ધર્મ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ કે જિનપ્રતિમા વગેરે ક્યાંય બહારથી આવતો નથી પણ નિજ શુદ્ધ જ્ઞાયક આત્માના જ આશ્રયે પ્રગટે છે. આત્મા જ્ઞાન ને આનંદ આદિ નિર્મળ ગુણોની શાશ્વત ખાણ છે; સત્સમાગમે શ્રવણ-મનન દ્વારા તેની યથાર્થ ઓળખાણ કરતાં આત્મામાંથી જે અતીન્દ્રિય આનંદયુક્ત નિર્મળ અંશ પ્રગટે તે ધર્મ છે. અનાદિ-અનંત એકરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા તે અંશી છે, ધર્મી છે અને તેના આશ્રયે જે નિર્મળતા પ્રગટે છે તે અંશ છે, ધર્મ છે. સાધક જીવને આશ્રય અંશીનો હોય છે, અંશનો નહિ, અને વેદન અંશનું હોય છે પણ તેનું આલંબન હોતું નથી – તેના ઉપર વજન હોતું નથી. આલંબન તો સદાય શુદ્ધ અખંડ એક પરમપારિણામિકભાવસ્વરૂપ નિજ આત્મદ્રવ્યનું જ હોય છે. તેના જ આધારે ધર્મ કહો કે શાન્તિ કહો – બધું થાય છે. ૯૧.

❁

પહેલાં સ્વરૂપસન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભૂતિ થાય – આનંદનું વેદન થાય, ત્યારે જ યથાર્થ સમ્યગ્દર્શન થયું કહેવાય. તે સિવાય પ્રતીતિ યથાર્થ કહેવાય નહિ. પહેલાં તત્ત્વવિચાર કરીને દૃઢ નિર્ણય કરે, પછી અનુભૂતિ થાય. તત્ત્વનિર્ણયમાં જ જેની ભૂલ



હોય તેને તો યથાર્થ અનુભૂતિ ક્યાંથી થાય ? ન જ થાય. એકલા વિકલ્પથી તત્ત્વવિચાર કર્યા કરે તે જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી. અંતરમાં ચૈતન્યસ્વભાવનો મહિમા લાવીને તેની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે જ સમ્યગ્દર્શન છે. ૧૫૬.

❁

'જ્ઞાનસ્વરૂપ આત્મા છે' એવા ગુણગુણીના ભેદનો વિકલ્પ, આત્માનો અનુભવ કરવા જતાં વચ્ચે આવશે ખરો, પણ તેનો આશ્રય સમ્યગ્દર્શનમાં નથી. સમ્યગ્દૃષ્ટિ તે વિકલ્પરૂપ વ્યવહારનું શરણ લઈને અટકતા નથી, પણ તેનેય છોડવા જેવો સમજીને અંતરમાં શુદ્ધાત્માને તે વિકલ્પથી જુદો અનુભવે છે. આવો અનુભવ તે જ વીતરાગનો માર્ગ છે. મોક્ષમહેલ માટે આત્મામાં સમ્યગ્દર્શનરૂપી શિલાન્યાસ કરવાની આ વાત છે. સમયસારમાં શ્રી કુંદકુંદાચાર્યદેવે જૈનધર્મનું રહસ્ય બતાવતાં કહ્યું છે ને !

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.

નિશ્ચય-વ્યવહાર સંબંધી બધા ઝઘડા ઊકલી જાય ને આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય એવા ભાવો આ ગાથામાં ભર્યા છે. ૧૭૭.

❁

આત્માને યથાર્થ સમજવા માટે પ્રમાણ, નય, નિક્ષેપરૂપ શુભ વિકલ્પનો વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી, પણ આત્માના એકપણાના અનુભવ વખતે તે વિકલ્પ છૂટી જાય છે તેથી તે

અભૂતાર્થ છે, આત્માને મદદગાર નથી. વસ્તુનો અભેદપણે નિર્ણય કરવા જતાં અને તેમાં એકાગ્રપણે ઠરવા જતાં વચ્ચે નવ તત્ત્વ તથા નય, પ્રમાણ વગેરેના રાગમિશ્રિત વિચારો આવ્યા વિના રહેતા નથી; પણ તેનાથી અભેદમાં જવાતું નથી. આંગણું છોડે ત્યારે ઘરમાં જવાય છે, તેમ વ્યવહારરૂપ આંગણું છોડે ત્યારે સ્વભાવરૂપ ઘરમાં જવાય છે. ૧૭૯.

❁

દુનિયમાં મારું જ્ઞાન પ્રસિદ્ધ થાઓ, દુનિયા મારી પ્રશંસા કરે અને હું જે કહું છું તેનાથી દુનિયા રાજી થાય— એમ અંદર અભિમાનનું જેને પ્રયોજન હોય તેનું ધારણારૂપ જ્ઞાન, ભલે સાચું હોય તોપણ, ખરેખર અજ્ઞાન છે—મિથ્યાજ્ઞાન છે. ભાષા બહુ મલાવે તો અંદર વસ્તુ હાથ આવી જાય એમ નથી. અંદર સ્વભાવની દૃષ્ટિ કરે, તેનું લક્ષ કરે, તેનો આશ્રય કરે, તેની સન્મુખ જાય, ત્યારે અતીન્દ્રિય શાન્તિ અને આનંદ મળે છે. ૧૮૪.

❁

જેમ સિદ્ધભગવંતો કોઈના આલંબન વગર સ્વયમેવ પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાનાનંદરૂપે પરિણમનારા દિવ્ય સામર્થ્યવાળા દેવ છે, તેમ બધાય આત્માનો સ્વભાવ પણ એવો જ છે. અહા ! આવો નિરાલંબી જ્ઞાન ને સુખસ્વભાવરૂપ હું છું ! – એમ લક્ષમાં લેતાં જ જીવનો ઉપયોગ અતીન્દ્રિય થઈને તેની પર્યાયમાં જ્ઞાન ને આનંદ ખીલી જાય છે, પૂર્વે કદી નહિ અનુભવાયેલી ચૈતન્યશાંતિ વેદનમાં આવે છે; – આમ આનંદનો અગાધ સમુદ્ર તેને પ્રતીતિમાં, જ્ઞાનમાં ને અનુભૂતિમાં આવી જાય છે; પોતાનું પરમ ઈષ્ટ એવું સુખ તેને પ્રાપ્ત થાય છે, ને અનિષ્ટ એવું દુઃખ દૂર થાય છે. ૧૮૫.

❁



જડ શરીરના અંગભૂત ઇન્દ્રિયો તે કાંઈ આત્માના જ્ઞાનની ઉત્પત્તિનું સાધન નથી. અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવને સાધન બનાવીને જે જ્ઞાન થાય, તે જ આત્માને જાણનારું છે. આવા જ્ઞાનની અનુભૂતિથી સમ્યગ્દર્શન થયા પછી મુમુક્ષુને આત્મા સદાય ઉપયોગસ્વરૂપ જ જણાય છે. ૧૮૭.

❁

અનાદિ–અનંત એવું જે એક નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તેનું, સ્વસન્મુખ થઈ આરાધન કરવું તે જ પરમાત્મા થવાનો સાચો ઉપાય છે. ૧૮૮.

❁

જેને મોક્ષ પ્રિય હોય તેને મોક્ષનું કારણ પ્રિય હોય, ને બંધનું કારણ તેને પ્રિય ન હોય. મોક્ષનું કારણ તો આત્મસ્વભાવમાં અંતમુર્ખ વલણ કરવું તે જ છે, ને બહિર્મુખ વલણ તો બંધનું જ કારણ છે; માટે જેને મોક્ષ પ્રિય છે એવા મોક્ષાર્થી જીવને અંતર્મુખ વલણની જ રુચિ હોય છે, બહિર્મુખ એવા વ્યવહારભાવોની તેને રુચિ હોતી નથી.

પહેલાં અંતર્મુખ વલણની બરાબર રુચિ જામવી જોઈએ; પછી ભલે ભૂમિકાનુસાર વ્યવહાર પણ હોય, પણ ધર્મીને-મોક્ષાર્થીને તે આદરવારૂપે નથી, પણ તે જ્ઞેયરૂપે ને હેયરૂપે છે. આદર અને રુચિ તો અંતર્મુખ વલણની જ હોવાથી, જેમ જેમ તે અંતર્મુખ થતો જાય છે તેમ તેમ બહિર્મુખ ભાવો છૂટતા જાય છે. આ રીતે નિશ્ચય–સ્વભાવમાં અંતર્મુખ થતાં બહિર્મુખ એવા વ્યવહારભાવોનો નિષેધ થઈ જાય છે.— આ જ મોક્ષની રીત છે. ૨૦૯.

❁

જે નિજ શુદ્ધ જ્ઞાયકવસ્તુમાં મિથ્યાત્વ કે રાગાદિ વિભાવો છે જ નહિ તેમાં રુચિના પરિણામ તન્મય થતાં મિથ્યાત્વ ટળે છે; બીજા કોઈ ઉપાયથી મિથ્યાત્વ ટળે નહિ. ગુણભેદનો વિકલ્પ પણ શું શુદ્ધવસ્તુમાં છે ?--- નથી; તો તે શુદ્ધવસ્તુની પ્રતીતિ ગુણભેદના વિકલ્પની અપેક્ષા રાખતી નથી. શુદ્ધવસ્તુમાં વિકલ્પ નથી, ને વિકલ્પમાં શુદ્ધવસ્તુ નથી. બન્નેની ભિન્નતા જાણતાં પરિણતિ વિકલ્પોથી ખસીને સ્વભાવમાં આવી ત્યાં સમ્યક્ત્વ થયું ને મિથ્યાત્વ ટળ્યું. – આ, મિથ્યાત્વ ટાળવાની રીત છે. તે માટે, અંદર ચિદાનંદસ્વભાવનો અનંતો મહિમા ભાસીને તેનો અનંતો રસ આવવો જોઈએ, એમ કરવાથી પરિણામ તેમાં તન્મય થાય છે. ૨૫૮.

❁

સંયોગનું લક્ષ છોડી દે ને નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે તેનો આશ્રય લે. ‘ વર્તમાનમાં ત્રિકાળી જ્ઞાયક તે હું છું ’ એમ આશ્રય કર. ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ છોડીને એકરૂપ ગુણીની દ્રષ્ટિ કર. તને સમતા થશે, આનંદ થશે, દુઃખનો નાશ થશે. એક ચૈતન્યવસ્તુ ધ્રુવ છે, તેમાં દ્રષ્ટિ દેવાથી તને મુક્તિનો માર્ગ પ્રગટ થશે. અભેદ ચીજ કે જેમાં ગુણ-ગુણીના ભેદનો પણ અભાવ છે ત્યાં જા, તને ધર્મ થશે, રાગથી ને દુઃખથી છૂટવાનો પંથ તને હાથ આવશે. ૨૭૩.

❁

સ્વાનુભૂતિ થતાં જીવને કેવો સાક્ષાત્કાર થાય ? સ્વાનુભૂતિ થતાં, અનાકુળ – આહ્લાદમય, એક આખાય વિશ્વની ઉપર તરતો વિજ્ઞાનઘન પરમ પદાર્થ – પરમાત્મા અનુભવમાં આવે છે. આવા



અનુભવ વિના આત્મા સમ્યક્પણે દેખાતો–શ્રદ્ધાતો નથી. તેથી સ્વાનુભૂતિ વિના સમ્યગ્દર્શનની – ધર્મની શરૂઆત જ થતી નથી.

આવી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા જીવે શું કરવું ? સ્વાનુભૂતિની પ્રાપ્તિ માટે જ્ઞાનસ્વભાવી આત્માનો ગમે તેમ કરીને પણ દઢ નિર્ણય કરવો. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય દઢ કરવામાં સહાયભૂત તત્ત્વજ્ઞાનનો – દ્રવ્યોનું સ્વયંસિદ્ધ સત્યપણું ને સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ–પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, નવ તત્ત્વનું સાચું સ્વરૂપ, જીવ અને શરીરની તદ્દન ભિન્નભિન્ન ક્રિયાઓ, પુણ્ય અને ધર્મના લક્ષણભેદ, નિશ્ચય-વ્યવહાર ઈત્યાદિ અનેક વિષયોના સાચા બોધનો – અભ્યાસ કરવો. તીર્થંકર ભગવંતોએ કહેલાં આવાં અનેક પ્રયોજનભૂત સત્યોના અભ્યાસની સાથે સાથે સર્વ તત્ત્વજ્ઞાનનો શિરમોર – મુગટમણિ જે શુદ્ધદ્રવ્યસામાન્ય અર્થાત્ પરમ પારિણામિકભાવ એટલે કે જ્ઞાયકસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય – જે સ્વાનુભૂતિનો આધાર છે, સમ્યગ્દર્શનનો આશ્રય છે, મોક્ષમાર્ગનું આલંબન છે, સર્વ શુદ્ધભાવોનો નાથ છે – તેનો દિવ્ય મહિમા હૃદયમાં સર્વાધિકપણે અંકિત કરવા યોગ્ય છે. તે નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનો આશ્રય કરવાથી જ અતીન્દ્રિય આનંદમય સ્વાનુભૂતિ પ્રાપ્ત થાય છે. ૨૭૫.

❁

હું આત્મા શુદ્ધ છું, અશુદ્ધ છું, બદ્ધ છું, મુક્ત છું, નિત્ય છું, અનિત્ય છું, એક છું, અનેક છું ઇત્યાદિ પ્રકારો વડે જેણે પ્રથમ શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવી નિજ આત્માનો નિર્ણય કર્યો છે એવા જીવને, તત્ત્વવિચારના રાગની જે વૃત્તિ ઊઠે છે તે પણ દુઃખદાયક છે, આકુળતારૂપ છે. તેવા અનેક પ્રકારના શ્રુતજ્ઞાનના ભાવને

મર્યાદામાં લાવતો, હું આવો છું ને તેવો છું – એવા વિચારને પુરુષાર્થ દ્વારા રોકતો, પર તરફ વળતા ઉપયોગને સ્વ તરફ ખેંચતો, નયપક્ષના આલંબનથી થતો જે રાગનો વિકલ્પ તેને આત્માના સ્વભાવરસના ભાન દ્વારા ટાળતો, શ્રુતજ્ઞાનને પણ જે આત્મસન્મુખ કરે છે તે, તે વખતે અત્યંત વિકલ્પરહિત થઈને તત્કાળ નિજરસથી પ્રગટ થતા, આદિ-મધ્ય-અન્ત રહિત આત્માના પરમાનંદસ્વરૂપ અમૃતરસને વેદે છે. ૨૭૯.

❁

લીંડીપીપરનો દાણો કદે નાનો અને સ્વાદે અલ્પ તીખાશવાળો હોવા છતાં તેનામાં ચોસઠ પહોરી તીખાશની—પૂર્ણ તીખાશની શક્તિ સદા ભરપૂર છે. એ દૃષ્ટાંતે આત્મા પણ કદે શરીરપ્રમાણ અને ભાવે અલ્પ હોવા છતાં તેનામાં પરિપૂર્ણ સર્વજ્ઞસ્વભાવ, આનંદસ્વભાવ ભરેલો છે. લીંડીપીપરને ચોસઠ પહોર ઘૂંટવાથી તેની પર્યાયમાં જેમ પૂર્ણ તીખાશ પ્રગટ થાય છે, તેમ રુચિને અંતર્મુખ વાળીને સ્વરૂપનું ઘૂંટણ કરતાં કરતાં આત્માની પર્યાયમાં પૂર્ણ સ્વરૂપ પ્રગટ થઈ જાય છે. ૨૮૦.



# 'પરમાગમસાર'માંથી વિધિ–વિષયક વીણેલાં રત્નો

આત્મામાં એક સુખશક્તિ નામનો ગુણ કે જેની અંતર શક્તિની મર્યાદા અનંત છે. તેવા ગુણની બુદ્ધિ વડે આત્મરૂપ દ્રવ્યનો આદર કરતો પાંચ ઇંદ્રિયોના ઈન્દ્રો આદિના વિષયોને પણ હેય જાણી છોડે છે. ૬.

❁

(સમયસાર) સંવર અધિકારમાં તો એમ કહ્યું છે કે, જાણનક્રિયા તે આધાર છે ને દ્રવ્ય તે આધેય છે. ત્યાં આશ્રયની (અવલંબનની) વાત નથી, પણ શેમાં - કોનામાં જણાય છે તે અપેક્ષાની મુખ્યતાથી ત્યાં વાત છે. ધ્રુવ વસ્તુ પોતે ધ્રુવ વસ્તુને જાણતી નથી. પણ પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. કાર્યમાં કારણનું જ્ઞાન થાય છે તેમ દર્શાવ્યું છે. તેમ અહીં પણ એમ કહ્યું કે સ્વાનુભૂતિથી વસ્તુ પ્રકાશે છે એટલે કે અનુભૂતિની પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે, પરંતુ અનુભૂતિની પર્યાયની દૃષ્ટિ કરવાથી ધ્રુવ વસ્તુ પ્રકાશે છે, એમ અહીં કહેવું નથી. નિર્મળ પર્યાય વસ્તુનો આશ્રય કરે છે, ત્યારે તે નિર્મળ પર્યાયમાં વસ્તુ જણાય છે. જાણનારી પર્યાય હોવાથી

પર્યાય દ્વારા દ્રવ્ય પ્રકાશે છે, તેમ કહ્યું છે. ૪૭.

❁

આત્મવસ્તુ કે જેના ધ્રુવદળમાં અનંત શાંતિ ને અનંત વીતરાગતા છે તેનો પર્યાયમાં અનુભવ નથી એટલે કે અનુભવની શક્તિ જેણે પ્રગટ કરી નથી ને રાગની રુચિમાં પડ્યા છે તે જીવ, ચૈતન્યચંદ્ર અર્થાત્ ઉપશમરસથી ભરેલા ભગવાન આત્માના જ્ઞાનસ્વરૂપનાં અનુભવ વિના તેને પામી શકતા નથી. દયા-દાન આદિ કોટિ ઉપાય કરે તોપણ ચૈતન્ય ભગવાન તેને પ્રગટ થતો નથી. રાગની ક્રિયા લાખ શું કરોડ કરે તોપણ ભગવાન આત્મા પ્રગટ થાય એવો નથી. ૭૦.

❁

તો ઉપાય શું ? – કે જે દશાની દિશા પર ઉપર છે તે દશાની દિશાને સ્વઉપર વાળવી તે ઉપાય છે. રાગાદિ તો પર વસ્તુ છે તેનાથી આત્મા સંવેદ્યમાન થતો નથી. સ્વ સ્વયં સંવેદ્યમાન છે. પોતાના વડે સંવેદ્યમાન – સંવેદનમાં આવવા યોગ્ય છે. આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, તેમાં પોતાના વડે એકતા કરે અને વિભાવથી પૃથકતા કરે તે ઉપાય છે ને તે મોક્ષનો માર્ગ છે. ૭૧.

❁

જ્ઞાનસ્વરૂપી ને અતીન્દ્રિય આનંદ સ્વરૂપી પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ વડે આસ્વાદવા લાયક છે. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપી હોવાથી ભગવાન આત્મા જ્ઞાનગુણ વડે અનુભવવા લાયક છે. જ્ઞાનગુણ સિવાય અનુભવવા યોગ્ય નથી. કારણ કે કારણાંતર વડે તે અનુભવવા યોગ્ય નથી. એટલે કે આ કારણ સિવાય અર્થાત્ જ્ઞાનગુણ સિવાય રાગની ક્રિયા આદિ અન્ય



કારણો વડે ભગવાન આત્મા જણાવા લાયક નથી. ૭૨.

❁

આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહીં. પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ. ૯૫.

❁

જ્ઞાનની દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન જણાય છે, છતાં તેને તું કેમ જાણતો નથી ? અરેરે !! જ્ઞાનની દશામાં ભગવાન જણાવા છતાં અનાદિથી વિકલ્પને તાબે થઈને રહ્યો હોવાથી ભગવાન જણાતો નથી. જ્ઞાનરૂપી અરીસાની સ્વચ્છતામાં ભગવાન આત્મા જણાવા છતાં પોતાને ખબર કેમ પડતી નથી ? – કે રાગના વિકલ્પને વશ થયો હોવાથી તેની નજરમાં રાગ આવે છે તેથી ભગવાન જણાવા છતાં જણાતો નથી. અજ્ઞાની અનાદિથી દયા-દાન આદિ વિકલ્પને તાબે થઈ ગયો હોવાથી જ્ઞાનની વર્તમાન દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાય છે તોપણ તેને જણાતો નથી. ૧૩૧.

❁

પ્રશ્ન :– અમે આત્માનું ધ્યાન તો ઘણું કરીએ છીએ પણ આત્માનો અનુભવ કેમ થતો નથી ?

ઉત્તર :– આત્માનો ખરો પ્રેમ આવવો જોઈએ. જેમ બાળકને વ્હાલી માતા દેખાતા અને યુવાનને વ્હાલી સ્ત્રી દેખતા અંતરથી પ્રેમ આવે છે, પ્રેમ ઉભરાય છે. તેમ અંતરથી આત્માનો સાચો પ્રેમ આવે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહીં. આત્માનો

અનુભવ થતો નથી તેનું કારણ હજુ આત્મા પ્રત્યે ખરો પ્રેમ જાગ્યો નથી. ૧૫૩.

❁

પ્રશ્ન :– આચાર્યદેવે સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે છ માસ અભ્યાસ કરવા કહ્યું છે અને અમને તો ૨૫-૩૦ વર્ષથી થતું નથી તો કઈ વિધિ બાકી રહી જાય છે ?

ઉત્તર :– અંતરના ઊંડાણમાંથી રુચિ ને લગની લાગવી જોઈએ, તે વિધિ બાકી રહી જાય છે. છ માસ સુધી અંદર ધૂન લાગવી જોઈએ. જો આત્માના લક્ષે છ માસ આત્માની ધૂન લાગે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહીં. ૧૫૪.

❁

પ્રશ્ન :– સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વિધિ શું છે ?

ઉત્તર :– પરનો કર્તા આત્મા નથી, રાગનો પણ કર્તા નથી, રાગથી ભિન્ન જ્ઞાયક મૂર્તિ છું – એવી અંતરમાં પ્રતીતિ કરવી એ વિધિ છે. આહાહા ! આવો સમય મળ્યો છે એમાં તો આત્માને રાગથી જુદો કરી દેવાનો આ કાળ છે. ૧૫૬.

❁

પ્રશ્ન :– એકદમ આત્મામાં કેમ જવાય ?

ઉત્તર :– રાગથી જુદો પડતા એકદમ આત્મામાં જવાય છે. આ હું નહીં, આ હું નહીં, રાગ તે હું નહીં ને આ જ્ઞાનમૂર્તિ તે જ હું એમ અંદર ચાલતાં ચાલતાં આત્મામાં આવી જવાય છે. પણ એ વાતો બહુ આકરી છે, અલૌકિક છે, છતાં અંદર પ્રયત્નથી થઈ શકે તેવી છે. ૧૬૦.

❁



પ્રશ્ન :– આત્મા જાણવાની કોશિશ કરીએ છીએ છતાં આત્મા જાણવામાં કેમ નથી આવતો ?

ઉત્તર :– સાચી કોશિશ કરી નથી. કોશિશ ઊંધી કરે છે. પુણ્યમાં એકતા કરે છે. રાગમાં એકતા કરી લાભ માને છે. વ્રતાદિમાં લાભ માની અભિમાન કરે છે – એ બધા વિપરીત બુદ્ધિ છોડીને, જ્ઞાયકમૂર્તિ આત્માની સન્મુખ દેખે ત્યારે આત્મા જાણવામાં આવે છે. ૧૬૨.

❁

અનુભવની વિધિનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે જીવદ્રવ્ય પોતાની મેળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાને સમર્થ છે. રાગની મંદતા હતી કે ઘણાં વ્રત–તપ આદિ કર્યા તેથી આત્મજ્ઞાન થયું તેમ નથી. પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હતું ત્યારે અજ્ઞાનપણે વિકારના ભાવને વેદવા-અનુભવવા સમર્થ હતો એવો જીવદ્રવ્ય પોતે પોતાની મેળે પોતાના શુદ્ધદ્રવ્યને અનુભવવા સમર્થ છે, પણ અજ્ઞાનીને નિજદ્રવ્યની કિંમત નથી. ૧૭૨.

❁

પ્રશ્ન :– હમારે લિયે ઈસ ચક્કરસે છૂટનેકે લિયે કોઈ રાસ્તા નહિ હૈ ?

ઉત્તર :– 'પરથી ભિન્ન છું' તેવું ભેદજ્ઞાન કરવું તે જ એક સંસારના ચક્કરથી છૂટવાનો રસ્તો છે; બીજો કોઈ દુઃખથી છૂટવાનો રસ્તો નથી. ૧૭૬.

❁

પ્રશ્ન :– સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે ને ?

ઉત્તર :– સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે તેનો અર્થ

સવિકલ્પથી નિર્વિકલ્પ થાય છે તેમ નથી; પણ નિર્વિકલ્પ થતાં પહેલાં હું શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાયક છું એવા વિકલ્પો આવે છે તેને પણ છોડીને અંદર અભેદ સ્વભાવનો આશ્રય લેતાં નિર્વિકલ્પ થાય છે, ત્યારે તેને સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થયો તેમ ઉપચાર આવે છે – ઉપચારથી કહેવાય છે. ૧૮૦.

❁

ભાઈ ! સંયોગોનો ત્યાગ થયો એમાં તારી પર્યાયમાં શું ફેર પડ્યો ? બહારમાં ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય અને કષાય મંદ હોય કે તીવ્ર હોય તેનું પણ લક્ષ છૂટી જાય, અને તારો પર્યાય ચૈતન્યવસ્તુને પકડીને પરિણમે ત્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય. – એ ખરો ત્યાગ છે. ૨૪૮.

❁

આ આત્મા સ્પર્શ-રસ આદિ વિનાનો ને પુદ્‌ગલ તથા બીજા ચાર અજીવ છે, તેનાથી ભિન્ન છે, તેને ભિન્ન પાડવાનું સાધન તો ચેતના ગુણમયપણું છે. રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે. જાણનશક્તિ – ચેતનાગુણમય શક્તિ તે આત્માને બીજા દ્રવ્યથી ભિન્ન પાડવાનું સાધન છે. ૨૫૪.

❁

સમ્યગ્દષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે તોપણ રાગ ને સ્વભાવ બે વચ્ચે સંધિ છે તેમાં જ્ઞાનની પર્યાયનો પ્રવેશ કરતાં પ્રથમ બુદ્ધિગમ્ય ભિન્નતા કરે છે. રાગને ને સ્વભાવને ખ્યાલમાં આવે એ રીતે બેને પ્રથમ છેદે. બુદ્ધિગમ્ય છેદ કરે એટલે ખ્યાલમાં આવે એ રીતે બેની ભિન્નતા કરે. સમ્યગ્દર્શન પામવાની ને સમ્યગ્દર્શનને



રાખવાના માર્ગની આ વાત છે. આ વાત પ્રથમ સાંભળે, સાંભળીને વિચારે ને પછી પ્રયત્ન તો કરે. ૨૫૮.

❁

પ્રશ્ન :– આપ ધ્રુવસ્વભાવમાં (ઉપયોગ) લઈ જવાનું વારંવાર કહો છો પણ ધ્રુવસ્વભાવ દેખ્યો હોય તો ઉપયોગ લઈ જવાય ને ?

ઉત્તર :– ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે ત્યારે પર્યાયમાં ધ્રુવસ્વભાવ દેખાય ને ! લક્ષ કર્યા વિના દેખાય કેમ ! ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે નહિ તો તેને ક્યાંથી દેખાય ? અંદરમાં લક્ષ યથાર્થ કરે તો ધ્રુવસ્વભાવ તેને દેખાય જ. પર્યાય પાછળ દ્રવ્ય સ્વભાવ પડ્યો છે, જ્યાં નજર કરે તો ધ્રુવસ્વભાવ દેખાય જ. ૨૭૫.

❁

વાંચવું સાંભળવું આદિ બહારથી બધું કરે પણ એનાથી શું ? એને પોતાથી અંદરથી હા આવવી જોઈએ કે રાગ તે હું નહિ અને જ્ઞાયક સ્વરૂપ ધ્રુવવસ્તુ તે જ હું એમ એના અસ્તિત્વની અંદરથી હા આવે. હા એટલે સ્વભાવની પ્રતીત કરીને હા આવે ત્યારે એના કલ્યાણની શરૂઆત થાય. ૨૭૮.

❁

પ્રશ્ન :– જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે અને સમ્યક્ સન્મુખ જીવ પણ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે. તે બન્નેની વિધિનો પ્રકાર એક જ છે કે કાંઈ ફેર છે. ?

ઉત્તર :– જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે, આત્મા લક્ષમાં છે અને તેમાં એકાગ્રતાનો વિશેષ પુરુષાર્થ કરતાં વિકલ્પ છૂટી નિર્વિકલ્પ થાય છે. સ્વસન્મુખ જીવને

તો હજુ આત્માનું લક્ષ થયું નથી, આત્મા લક્ષમાં આવ્યો નથી; પણ જ્ઞાનમાં ઓઘે-ઓઘે (ધારણાથી) જાણ્યો છે, પ્રત્યક્ષ થયો નથી; વિકલ્પથી આત્માનું લક્ષ ઓઘે–ઓઘે થયું છે તેને અંદર પુરુષાર્થ ઉગ્ર થતાં સવિકલ્પતા છૂટીને નિર્વિકલ્પતા થાય છે. (એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં જ્ઞાનીએ વેદનથી આત્મા જાણ્યો છે અને સ્વસન્મુખતવાળાએ ઓઘે-ઓઘે – આનંદના વેદન વિના આત્માને જાણ્યો છે.) ૨૯૩

❁

દર્શનમોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શનમોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી. ૩૦૦.

❁

સ્વપરપ્રકાશનો પુંજ પ્રભુ તો શુદ્ધ જ છે પણ તેને રાગથી ભિન્ન પડીને ઉપાસવામાં આવે તેને તે શુદ્ધ છે. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્રતા કરતાં શુદ્ધતા પ્રગટે છે તેને તે શુદ્ધ છે. રાગના વિકલ્પપણે થયો નથી માટે રાગાદિથી ભિન્ન પડીને જ્ઞાયકને સેવવામાં આવતાં પર્યાયમાં શુદ્ધતાનો નમૂનો આવ્યો તેને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવે છે. વિકલ્પવાળાને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવતો નથી. ૩૩૪.

❁

પહેલામાં પહેલી ક્રિયા શું ? – કે સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણતા કરવી તે પ્રથમ ક્રિયા છે. દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ છે. પણ વર્તમાન પયાયમાં રાગાદિને મિશ્રિત કર્યા છે. તોપણ ભેદજ્ઞાનની પ્રવીણતાથી રાગની દશાની દિશા પર તરફ છે અને



જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે. એમ બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવાથી ભિન્નતા અનુભવી શકાય છે. ૩૪૮.

❁

એ રીતે સર્વ પ્રકારથી ભેદજ્ઞાનની પ્રવીણતાથી શું થાય છે ? – કે 'આ અનુભૂતિ છે તે જ હું છું' પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે તે હું નથી એમ આત્મજ્ઞાન થાય છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભવ થતાં 'આ અનુભૂતિ તે જ હું છું' એમ સમ્યગ્જ્ઞાન થાય છે. ૩૪૯.

❁

આત્મા અચિંત્ય સામર્થ્યવાળો છે. તેમાં અનંત ગુણસ્વભાવ છે. તેની રુચિ થયા વિના ઉપયોગ પરમાંથી પલટીને સ્વમાં આવી શકતો નથી. પાપ ભાવોની રુચિમાં પડ્યા છે તેની તો શું વાત ! પણ પુણ્યની રુચિવાળા બાહ્ય ત્યાગ કરે, તપ કરે, દ્રવ્યલિંગ ધારે તોપણ શુભની રુચિ છે ત્યાં સુધી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકતો નથી. માટે પહેલાં પરની રુચિ પલટાવવાથી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકે છે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬૪.

❁

આત્માને ઓળખાવવા જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે. કારણ કે જ્ઞાન તે પ્રગટ અંશ છે અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો આકુળતા છે, તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે. (દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે.) આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો

મૂળ હેતુ તો આ છે. ૩૮૨.

❁

પ્રશ્ન :- પહેલાં અશુભરાગ ટાળે ને શુભરાગ કરે તો પછી શુદ્ધભાવ થાય તેવો ક્રમ તો છે ને ?

ઉત્તર :- એ ક્રમ જ નથી. પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ કરે છે પછી એકદમ શુભરાગ ટાળી શકતો નથી. તેથી પહેલાં અશુભરાગ ટાળીને શુભરાગ આવે છે. – એ સાધકના ક્રમની વાત છે. ૩૯૭.

❁

દ્રવ્ય સદા નિર્લેપ છે. કોને ? – જે તેને જાણે એને. સંયોગ ને રાગ ઉપરથી દૃષ્ટિ છોડીને, એક સમયની જે હૈયાતી છે તેનું લક્ષ છોડીને, ભગવાન જે નિર્લેપ છે તેની દૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન થાય. ૪૧૩.

❁

આ આત્મા પ્રત્યક્ષ છે. જેમ સામે કોઈ ચીજ પ્રત્યક્ષ હોય છે ને ! તેમ આ આત્મા પ્રત્યક્ષ છે. તેને દેખ ! તેમ આચાર્યદેવ કહે છે. આ શરીર છે, કુટુંબ છે, ધન, મકાન, વૈભવ છે – એમ તું દેખે છો, પણ એ બધાં તો તારાથી અત્યંત ભિન્ન પરદ્રવ્ય છે. તેનાથી ભિન્ન આ આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. તેને દેખ ! તો તારો મોહ તુરત નાશ થઈ જશે. ૪૧૪.

❁

જાણનાર... જાણનાર... જાણનાર તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી. જાણનાર તત્ત્વ તે પોતાનું ત્રિકાળી સત્પણું બતાવી રહ્યું છે. જાણનારની પ્રસિદ્ધિ તે વર્તમાન પૂરતી નથી પણ વર્તમાન છે તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. વર્તમાન જાણનાર અસ્તિ તે ત્રિકાળી



અસ્તિ-સત્‌ને બતાવે છે. ૪૧૮.

❁

હું જાણનાર દેખનાર જ્ઞાતા છું – એમ વારંવાર અંતર્મુખ અભ્યાસ કરવાથી જ્ઞાતાપણું પ્રગટ થાય છે ને ત્યારે વિકલ્પનું કર્તાપણું છૂટે છે. ૪૨૬.

❁

પ્રશ્ન :- આત્મા પરોક્ષ છે તો કેમ જણાય ?

ઉત્તર :- આત્મા પ્રત્યક્ષ જ છે. પર્યાય અંતર્મુખ થાય તો આત્મા પ્રત્યક્ષ છે તેમ જણાય છે. બહિર્મુખ પર્યાયવાળાને આત્મા પ્રત્યક્ષ લાગતો નથી — પ્રત્યક્ષ દેખાતો નથી પણ આત્મા પ્રત્યક્ષ જ છે. એની સન્મુખ ઢળીને દેખે તો જણાય છે. ૪૩૨.

❁

પ્રશ્ન :- ધ્રુવમાં એકાગ્રતા કરવા ધ્રુવને ક્યાં શોધવો ?

ઉત્તર :- એ પોતે જ ધ્રુવસ્વરૂપ વસ્તુ છે. વસ્તુ છે જ એને ક્યાં શોધવા જવું છે ? એક સમયની પર્યાય છે એ કોના આધારે છે ? વસ્તુ છે, છે ને છે. એક સમયની પર્યાયમાં પહેલાં ધ્રુવ વસ્તુનું માહાત્મ્ય આવવું જોઈએ. સર્વજ્ઞે જેના ગુણગાન કર્યા છે એવી અનંત અપાર અપાર મહિમાવાળી ચીજ આત્મા છે કોણ ? – કે જેના સામર્થ્યનો પાર નથી, જેની આશ્ચર્યતાનો-અદ્ભુતતાનો પાર નથી, જેની શક્તિઓનો પાર નથી, એવી મહિમાવાળી વસ્તુનો જ્ઞાન પર્યાયમાં નિર્ણય કરતાં એ ધ્રુવ વસ્તુનો મહિમા આવે છે. એ મહિમા આવતાં આવતાં જેવું સ્વરૂપ છે એવો મહિમા આવતાં પર્યાય ધ્રુવમાં ઢળી જાય છે. આહાહા ! અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એના દરેક ગુણો મુક્ત સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે, એનું જ્ઞાન થઈને

પ્રતીત થઈ એટલે બસ ! ખલાસ થઈ ગયું ! મુક્તિ પ્રતીતમાં આવી એટલે હાથમાં આવી ગઈ. ૪૪૫.

❁

એકાંતે દુઃખના જોરથી રાગથી છૂટો પડી શકે એમ બનતું નથી; પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગથી છૂટો પડી શકે છે. આત્માને ઓળખ્યા વિના-જાણ્યા વિના જાય કયાં ? આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય તો રાગથી છૂટો પડીને આત્મામાં લીન થઈ શકે છે. ૪૫૦.

❁

ભગવાનની વાણીથી નહિ, તેના નિમિત્તે થયેલું પરલક્ષી જ્ઞાન તેનાથી પણ નહિ પરંતુ સ્વલક્ષી જે ભાવશ્રુતજ્ઞાન તેનાથી આત્મા જણાય છે. જે જ્ઞાન વડે આત્મા જણાય એ ભાવશ્રુતજ્ઞાન પરની અપેક્ષા વિનાનું છે. શ્રુત પણ વધારાનું છે (નકામું છે.) તેમ શ્રુતથી થયેલું જ્ઞાન પણ વધારાનું છે એટલે કે તેમની અપેક્ષા ભાવશ્રુતજ્ઞાનને નથી. એવા ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણે કે કેવળજ્ઞાનથી આત્માને જાણે પણ એ જાણવામાં, અનુભવનમાં ફેર નથી; માટે જ્ઞાનમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ નથી. શ્રુતજ્ઞાન કહ્યું માટે તેમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ છે, એમ નથી. ૪૫૭.

❁

ભગવાનની વાણી એ શ્રુત છે–શાસ્ત્ર છે. શાસ્ત્ર પૌદ્‌ગલિક છે તેથી તે જ્ઞાન નથી, ઉપાધિ છે અને એ શ્રુતથી થતું જ્ઞાન એ પણ ઉપાધિ છે. કેમ કે તે શ્રુતના લક્ષવાળું જ્ઞાન પરલક્ષી જ્ઞાન છે. પરલક્ષી જ્ઞાન સ્વને જાણી શકતું નથી, માટે તેને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. જેમ સત્‌-શાસ્ત્ર તે જ્ઞાન નથી, વધારાની ચીજ



છે—ઉપાધિ છે તેમ એ શ્રુતથી થયેલ જ્ઞાન પણ વધારાની ચીજ છે—ઉપાધિ છે. અહાહા ! શું વીતરાગની શૈલી છે! પરલક્ષી જ્ઞાનને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. સ્વજ્ઞાનરૂપ જ્ઞપ્તિક્રિયાથી આત્મા જણાય છે, ભગવાનની વાણીથી આત્મા જણાતો નથી. ૪૬૦.

❁

પ્રશ્ન :– આત્મજ્ઞાન કરવા માટે ઘણા ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે એ કરતાં કાંઈક સહેલો રસ્તો બતાવો ને ?

ઉત્તર :– આત્મજ્ઞાન માટે ઘણાં શાસ્ત્રો ભણવાની ક્યાં વાત છે ? તારી પર્યાય દુઃખના કારણો તરફ વળે છે તેને સુખના કારણભૂત સ્વભાવ સન્મુખવાળ એટલી જ વાત છે. પોતે ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદસ્વરૂપ છે એનો મહિમા લાવીને સ્વસન્મુખ થા ! આટલી વાત છે. તારી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સન્મુખ વાળવી. – આ ટૂંકું ને ટચ છે. ૪૬૨.

❁

પ્રશ્ન :– આપ બહુ સૂક્ષ્મતામાં ને બહું ઊંડાણમાં લઈ જાવ છો ?

ઉત્તર :– વસ્તુ જ એવા સ્વભાવવાળી છે. પર્યાય ઉપર ઉપર છે અને દ્રવ્ય ઊંડું...ઊંડું છે. અનંત....અનંત....અનંત.... ઊંડપ છે . ક્ષેત્રથી નહિ પણ ભાવથી અનંત...અનંત... અનંત સામર્થ્યરૂપ ઊંડપ છે. ત્યાં જ્ઞાનપર્યાયને ધીરજથી લઈ જતાં ભગવાનનો ભેટો થાય છે. ૪૬૩.

❁

( સહજ તત્ત્વ ) અંતર પડ્યા વિના, કર્મના વિઘ્ન વિના, રાગના વિઘ્ન વિના નિરંતર સુલભ છે. સહજ તત્ત્વના સતત અભ્યાસે

સુલભ છે. ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું પૂર છે. આવી મહિમાવંત ચીજનો મહિમા લાવીને અંદર ઉતરતો નથી ને બહારની ચીજમાં અટવાઈ ગયો છે. ૫૨૮.

❁

પ્રશ્ન :– આત્મ-અનુભવ થતાં પહેલાં છેલ્લો વિકલ્પ કેવો હોય ?

ઉત્તર :– છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. રાગથી ભિન્નતા પૂર્વક શુદ્ધાત્માની સન્મુખતાનો પ્રયત્ન કરતાં કરતાં ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. જ્યાં ત્રિકાળી જ્ઞાયક પ્રભુ તરફ પરિણતિ ઢળી રહી હોય, જ્ઞાયકધારાની ઉગ્રતા અને તીક્ષ્ણતા હોય ત્યાં છેલ્લો કયો વિકલ્પ હોય એનો કોઈ નિયમ નથી. પર્યાયને અંદર ઊંડાણમાં ધ્રુવ પાતાળમાં લઈ જાય ત્યાં ભગવાન આત્માની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન થાય છે. ૫૬૧.

❁

પ્રશ્ન :– મોક્ષનું કારણ સમભાવ છે. એ સમભાવ કરીએ તો મોક્ષ થાય ને ?

ઉત્તર :– સમભાવ એટલે વીતરાગતા. એ વીતરાગતા દ્રવ્યને પકડે ત્યારે થાય. દ્રવ્યના આશ્રય વિના વીતરાગતા ન થાય. સમભાવનું કારણ વીતરાગ સ્વભાવી ભગવાન આત્મા છે – તેનો આશ્રય કરવો અને પરનો આશ્રય છોડવો – આ ટૂંકામાં ટૂંકું છે. ૫૬૨.

❁

ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ૬૦૮.

❁



જાણનક્રિયા પોતાનું સ્વરૂપ છે કારણ કે તેનાથી આત્મા જણાય છે માટે આત્મા તેને આધારે રહેલો છે. ૬૧૨.

જ્ઞાનના અભ્યાસથી ભેદજ્ઞાન થાય છે ને ભેદજ્ઞાનના અભ્યાસથી કેવળજ્ઞાન થાય છે. ૬૧૩.

❁

જેને તત્ત્વજ્ઞાન નથી તેનું આચરણ પણ યથાર્થ હોતું નથી. જૈનમતમાં તો એવો ક્રમ છે કે પહેલાં તત્ત્વજ્ઞાની થાય અને પછી એનો ત્યાગ કરવો છે એના દોષને ઓળખે અને દોષનો નાશ થવાથી જે ગુણ પ્રગટે છે તેને પણ બરાબર જાણે. ૬૫૮.

❁

એકડો શીખવા માટે પાંચસો રુપિયા આપે કે પચાસ ઉપવાસ કરે તો કામ ન આવે, વાળના લોચ કરે તો એકડો ન આવડે, એકડાના જ્ઞાન વડે એકડાનું અજ્ઞાન ટળે. તેમ અબજો રૂપિયાનું દાન કરે, તપ કરે તોપણ ધર્મનો એકડો ન આવડે. પણ જ્ઞાન કરવાથી સ્વરૂપ સમજાય. દયા, દાન, વ્રતથી શાંતિ ને ધર્મ મળતાં નથી. તેથી રહિત મારું ચૈતન્ય નિરાળું છે – એવી પ્રતીતિ કરે તેને ધર્મ કહે છે. તે વિના સુખ થાય નહિ. ૬૬૫.

❁

પોતે ત્રિકાળી શક્તિમાન છે. ગુણ ત્રિકાળી શક્તિને પર્યાય વર્તમાન દશા – આમ દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર વડે નિજપદ જાણે; નિમિત્ત વડે કે રાગ વડે જાણે એમ કહ્યું નથી. એમ નિજપદ જાણવાની વિધિ બતાવેલ છે. અથવા ઉપયોગમાં જાણરૂપ વસ્તુને જાણે, અંતરમાં જાણવા-દેખવાનો વ્યાપાર થાય તે દ્વારા વસ્તુને

જાણે, વસ્તુ જાણનાર છે. નિજ સ્વરૂપને જાણવાની આ કળા છે. આનું નામ ધર્મ છે. ચાલતી પર્યાયમાં જાણરૂપ વસ્તુને જાણે, જાણનાર સ્વભાવ નિત્યાનંદ પદાર્થ છે તે પર્યાયનો આધાર અથવા નાથ આત્મા છે. ૬૭૯.

❁

સર્વજ્ઞ પરમાત્માએ કહેલા પદાર્થના સ્વરૂપ અનુસાર મુનિએ રચેલા શાસ્ત્રનું સમ્યક્‌પણે અવગાહન કરવું, સારી રીતે સમજણ કરવી તે સાધક છે. જેમ ઊંડા દરિયામાં અવગાહન કરે તો મોતી મળે છે તેમ શાસ્ત્રમાં સમ્યક્ પ્રકારે પ્રવેશ કરી જુએ તો આત્મામાં ભાવશ્રુત પ્રગટ થાય છે. ૬૯૮.

❁

જ્ઞાનદ્વારમાં સ્વરૂપ શક્તિને જાણવી. લક્ષણ જ્ઞાન, અને લક્ષ્ય આત્મા – પોતાના જ્ઞાનમાં ભાસે છે – ત્યારે સહજ આનંદધારા વહે છે, તે અનુભવ છે. ૭૧૦.

❁

પ્રશ્ન :– ચારિત્ર પ્રથમ લઈ લ્યે ને પછી સમકિત કરે તો ?

સમાધાન :– જેમ જમીન વગર ઝાડ ઉગતું નથી, 'તેમ હું અખંડ ચૈતન્ય છું' તેની પ્રતીતિ વિના ચારિત્ર ક્યાંથી હોય ? ન જ હોય. ચારિત્ર એટલે ચરવું, સ્થિર થવું. શેમાં ? દેહમાં ? તે તો જડ છે. પુણ્ય-પાપ વિકાર છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રતીતિ થયા પછી અંતરમાં લીનતા કરે તે ચારિત્ર છે. ૭૧૮.

❁

પરદ્રવ્ય તરફની વૃત્તિ અશુભ હો કે શુભ – તે આત્મા નથી. 'સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે' આવા જ્ઞાનનાં સ્વસંવેદનની



કળા તે મોક્ષની કળા છે. આત્માના અનુભવની આ કળા તે જ સાચી કળા છે. તેનો વારંવાર અભ્યાસ કરવા જેવું છે. દુઃખથી છૂટવું હોય ને સુખી થવું હોય તો પરભાવોથી ભિન્ન આત્માને જાણીને તેનો જ અભ્યાસ કરવા જેવો છે. ૭૩૩.

❁

ઘણા જીવો વિકલ્પનો અભાવ કરવા માગે છે અને સ્થૂળ વિકલ્પો ઓછા થતાં એમ માને છે કે વિકલ્પનો અભાવ થયો. પણ ખરેખર વિકલ્પનો અભાવ કરવા ઉપર જેનું લક્ષ છે (તેને) વિકલ્પનો અભાવ થતો નથી. પરંતુ જેનામાં વિકલ્પનો અભાવ જ છે એવા શુદ્ધ ચૈતન્યને લક્ષમાં લઈને એકાગ્ર થતાં વિકલ્પનો અભાવ થઈ જાય છે. હું આ વિકલ્પનો નિષેધ કરું – એમ વિકલ્પનો નિષેધ કરવા તરફ જેનું લક્ષ છે તેનું લક્ષ શુદ્ધ આત્મા તરફ વળ્યું નથી પણ વિકલ્પ તરફ વળ્યું છે. એટલે તેમાં તો વિકલ્પની ઉત્પત્તિ જ થાય છે. શુદ્ધ આત્મદ્રવ્ય તરફ વળવું તે જ વિકલ્પના અભાવની રીત છે. ઉપયોગનું વલણ અંતર્મુખ સ્વભાવ તરફ બનતાં વિકલ્પ છૂટી જાય છે. ૭૪૦.

❁

પહેલાં આત્મસ્વભાવનું શ્રવણ-મનન કરીને તેને લક્ષમાં લીધો હોય અને તેનો મહિમા જાણ્યો હોય તો તેમાં અંતર્મુખ થઈને વિકલ્પનો અભાવ કરે. પણ આત્મસ્વભાવનો મહિમા લક્ષમાં લીધા વિના કોના અસ્તિત્વમાં ઊભો રહીને વિકલ્પનો અભાવ કરશે ! વિકલ્પનો અભાવ કરવો તે પણ ઉપચારનું કથન છે. ખરેખર વિકલ્પનો અભાવ કરવો નથી પડતો, પણ અંતર્ સ્વભાવ સન્મુખ જે પરિણતિ થઈ તે પરિણતિ પોતે વિકલ્પના અભાવ સ્વરૂપ છે.

તેનામાં વિકલ્પ છે જ નહિ તો કોનો અભાવ કરવો ? વિકલ્પની ઉત્પત્તિ ન થઈ તે અપેક્ષાએ વિકલ્પનો અભાવ કર્યો એમ કહેવાય. પણ ને સમયે વિકલ્પ હતો અને તેનો અભાવ કર્યો છે – એમ નથી. ૭૪૧.

❁

આત્માને શાન્તિ જોઈએ છે તો તે શાન્તિ પૂર્ણ અને સાદિ અનંતકાળ સુધી રહે એવી હોવી જોઈએ. તેવી શાન્તિ કોને થાય ? કે – જેણે આત્માનાં ઉઘાડ અને વિકલ્પ દ્વારા આત્મા તરફ વલણ કરીને નિર્ણય કર્યો કે 'ઔપાધિકભાવ છે તે બધો છોડવા યોગ્ય છે અને નિરુપાધિકભાવ છે તે આદરણીય છે' – એમ દ્રવ્યશ્રુત વડે નિર્ણય કરે; એવા નિર્ણય કરનારને દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એનો પણ નિર્ણય હોય છે. તે દ્રવ્યશ્રુતજ્ઞાનવાળો નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને પકડે તેને એવી શાન્તિનું કારણ પ્રગટ કરીને પૂર્ણ શાન્તિ પ્રાપ્ત કરે છે. ૮૫૦.

❁

બધાનો સાર એ છે કે તારો પરને જાણવાનો રસ્તો ને પરમાં સ્વાદ માની રાગનો સ્વાદ લેવાનો રસ્તો શાન્તિનો નથી, તેથી તું દુઃખી થઈ રહ્યો છે. ' વિષયોનો સ્વાદ નથી ને વિષયોનું જ્ઞાન નથી, પણ રાગનો સ્વાદ છે ને જ્ઞાનનું જ્ઞાન છે. વિષયો પર છે. રાગ ક્ષણિક છે. સ્વભાવમાં નથી. ને જ્ઞાનપર્યાય જ્ઞાન સ્વભાવવાની છે' – એમ રાગ રહિત નિત્ય જ્ઞાનસ્વભાવીની દૃષ્ટિ થાય. આમ સમજે તો નિમિત્તબુદ્ધિ અને રાગબુદ્ધિ છૂટીને સ્વભાવ બુદ્ધિ થાય – ધર્મ થાય. ૮૬૫.

❁



વીતરાગના માર્ગમાં તો સમકિતની મુખ્યતા પ્રથમ છે. ભેદજ્ઞાન પહેલા થવું જોઈએ. તે સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે, માટે દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થાય તે પ્રથમ ધર્મ છે અને પછી વ્રતાદિ હોય છે. ૯૧૯.

❁

જીવ શું ને અજીવ શું ? તે જાણે નહિ અને શરીરનો રોગ દૂર કરીને, કે પૈસા મેળવીને વગેરે ઉપાયથી પોતાનું દુઃખ ટાળવા માગે તો તે ઉપાય જૂઠા છે. દુઃખ તો જીવમાં છે ને તે દુઃખ મોહથી છે તો તે દુઃખ પણ જીવમાં યથાર્થ ભાન કરીને મોહ ટાળવો તે જ ટાળવાનો ઉપાય છે. ૯૨૭.

❁

કેવળજ્ઞાનની પર્યાયને પણ ન જો, પહેલી અવસ્થા શુદ્ધ ન હતી ને પછી શુદ્ધ થઈ એવા ભેદને ન જો. ગુપ્ત ને પ્રગટ અવસ્થા ભેદ એટલે કે દ્રવ્ય ને પર્યાયના ભેદને ન જો. એક સમયનો વિકાર હોવા છતાં શક્તિ એવી ને એવી છે. ને અવસ્થા પ્રગટ થઈ ત્યારે શકિત એવી ને એવી છે. આવી શ્રદ્ધા સુખનું મૂળ છે. ૯૪૧.

❁

તત્ત્વજ્ઞાનપૂર્વક પ્રતિજ્ઞા હોવી જોઈએ. સમ્યગ્દર્શન થયા પછી વ્રતાદિનો શુભવિકલ્પ આવે છે, આનંદ સ્વભાવમાં લીન થાઉં એવી ભાવના ધર્મીને આવે છે. પ્રતિજ્ઞા લીધા વિના આસક્તિનો નાશ થતો નથી. પ્રથમ સ્વભાવનું ભાન થવું જોઈએ. ૯૪૯.

❁

અજ્ઞાની સ્વભાવનું સાધન કરતો નથી, પણ રાગનું સાધન

કરે છે તેથી તેનો ભ્રમ દૂર થતો નથી. જે સ્વભાવના આશ્રયે નિર્ણય કરે તેને ભવી-અભવીની શંકા રહેતી નથી. સાચો ઉપદેશ સાંભળીને જે નિર્ણય કરે તેની ભ્રમણા દૂર થાય. સ્વભાવ સન્મુખ નિર્ણય કરતાં વર્તમાન પરિણામની વિશુદ્ધતા થાય છે. ૯૬૧.

❁

સાતને ( તત્ત્વ ) જાણ્યા વિના આત્માની શ્રદ્ધા થતી નથી. એક જીવને જાણતાં સાત આવી જાય છે. જીવ એકલો સામાન્ય નથી, પણ તેનાં વિશેષો સહિત છે. જીવ-અજીવ સામાન્ય છે, ને આસ્રવાદિ પાંચ તેના વિશેષો છે. આ જાણ્યા વિના અજ્ઞાની લોકો વ્રત-તપમાં ધર્મ માને છે. નય-નિક્ષેપ-પ્રમાણ દ્વારા રાગસહિત વસ્તુનું જ્ઞાન કરવું તે પ્રથમ યોગ્યતા છે. પછી સ્વભાવનાં લક્ષે રાગનો અભાવ થાય છે. આ પ્રયોજનભૂત રકમ છે. તે છૂટી જાય તો પછી કાંઈ પણ કાર્યકારી નથી. ૯૭૧.

❁

નિર્વિકલ્પ દશા થવા અર્થે નવ તત્ત્વોનો વિકલ્પ છોડવાની વાત કરી છે. નવ તત્ત્વોનું જ્ઞાન છે પણ નવ તત્ત્વોનાં ભેદનાં લક્ષે રાગ થાય છે તેથી તે છોડવાની વાત કરી છે. જ્ઞાન નવને જાણે તે રાગનું કારણ નથી, તે તો નિશ્ચય સમકિત છે. નવનું જ્ઞાન યથાર્થ કર્યું છે, પણ નવનાં વિકલ્પો ઉઠતા હતા તેનો નિષેધ કર્યો છે. ૯૭૩.

❁

આત્માના આશ્રયે જે જ્ઞાન પ્રગટ થયું તેનાં વડે નિર્ણય થાય છે. ખરેખર શાસ્ત્રના અભ્યાસથી જ્ઞાન નિર્મળ થાય છે એમ નથી; પણ આત્માનાં યથાર્થ સ્વરૂપને અજ્ઞાની જાણતો નથી, અને (તોપણ) શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરે છે, તેને અહીં નિમિત્તથી કથન



કરીને શાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરવાથી જ્ઞાન નિર્મળ થાય છે. – એમ કહેલ છે. જો શાસ્ત્રથી જ્ઞાન થતું હોય તો વધારે શાસ્ત્ર ભણે તો આત્મામાં નિર્મળતા થાય, પણ તેમ નથી; આત્માના આશ્રયે જ્ઞાન વધે છે, તેમાં શાસ્ત્રાભ્યાસ નિમિત્તમાત્ર છે. આત્માનાં આશ્રયે નિર્ણય થાય છે એને શાસ્ત્રનાં અભ્યાસથી નિર્ણય થાય છે એમ નિમિત્તથી કહેલ છે. ૯૮૬.

પ્રશ્ન :– જ્ઞાનમાં રાગ જાણવામાં આવે છે. પરંતુ જ્ઞાનમાં રાગ એકમેક થાય છે, એમ કેમ લાગ છે ?

ઉત્તર :– ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની રાગ અને જ્ઞાનની અતિ નિકટતાને જોઈને એને એકમેક માને છે; પરંતુ રાગ અને જ્ઞાન એકમેક છે નહીં.

– પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# ‘બહેનશ્રીનાં વચનામૃત’માંથી વિધિ–વિષયક વીણેલાં રત્નો

જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬.

❁

‘હું તો ઉદાસીન જ્ઞાતા છું’ એવી નિવૃત્ત દશામાં જ શાન્તિ છે. પોતે પોતાને જાણે અને પરનો અકર્તા થાય તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે અને સાધકદશાની શરૂઆત થાય. ૮૪.

❁

ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતાથી જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે, વિભાવનો અભાવ થાય છે. ૯૪.

❁

જેમ લીંડીંપીપરનું લઢણ કરવાથી તીખાશ પ્રગટ થાય છે, તેમ જ્ઞાયકસ્વભાવનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે. ૧૩૨.

❁



કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતાં નથી. આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. તું તારા સ્વભાવને ઓળખ. અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ. આત્માનું લક્ષણ– ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર. ૧૪૬.

❁

રાગી છું કે નથી – તે બધા વિકલ્પોથી પેલી પાર હું શુદ્ધ તત્ત્વ છું. નયોથી અતિક્રાંત ચૈતન્ય બિરાજે છે. દ્રવ્યનું અવલંબન કર તો ચૈતન્ય પ્રગટ થશે. ૧૪૯.

❁

આત્માને ઓળખી સ્વરૂપરમણતાની પ્રાપ્તિ કરવી તે જ પ્રાયશ્ચિત્ત છે. ૧૫૨.

❁

હે શુદ્ધાત્મા ! તું મુક્તસ્વરૂપ છો. તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છૂટાય છે માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો. તારા પર એકધારી દૃષ્ટિ રાખવાથી, તારા શરણે આવવાથી, જન્મ-મરણ ટળે છે. ૧૬૬.

❁

જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં કર્તાપણું છૂટે છે. વિભાવ પોતાનો સ્વભાવ નથી તેથી આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી, દ્રવ્ય તો શુદ્ધ રહે છે; માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે ‘પર એવા જડ પદાર્થને હું કરું છું, રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું’ વગેરે ભ્રમણા થઈ રહી છે. યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય તો

કર્તાપણું છૂટે છે. ૧૯૮.

❁

‘હું મુક્ત જ છું. મારે કંઈ જોઈતું નથી. હું તો પરિપૂર્ણ દ્રવ્યને પકડીને બેઠો છું’ – આમ જ્યાં અંદરમાં નક્કી કરે છે, ત્યાં અનંતી વિભૂતિ અંશે પ્રગટ થઈ જાય છે. ૨૪૫.

❁

શુદ્ધાત્માને જાણ્યા વગર ભલે ક્રિયાના ઢગલા કરે, પણ તેનાથી આત્મા જાણી શકાતો નથી; જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે. ૨૬૦.

❁

વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે. તેમાં ‘આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું’ તે પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણુ ખ્યાલમાં આવે, ‘હું જુદો, હું આ જ્ઞાયક જુદો’ એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલાં વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલાં પાકો નિર્ણય આવે છે. ૨૭૯.

❁

રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત–અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ. ૩૦૬.

❁



અનાદિ કાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે તેમાંથી ‘હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું’ એમ જુદું પડવાનું છે. ગોસળિયાની જેમ જીવ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે. જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો તેમ ‘જ્ઞાનદોરા’ તરફ યથાર્થ લક્ષ કરી ‘હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું’ એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે. ૩૧૨.

❁

જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે. હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું – એમ, સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં ‘ હું જ્ઞાયક છું ’ તે પ્રકાર મૂળભૂત છે. ૩૧૮.

❁

જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી અને ‘પોતે જ્ઞાન તેમજ ક્રિયા બંને કરે છે’ એમ ભ્રમણા સેવે છે. બાહ્ય જ્ઞાનને, ભંગભેદનાં પલાખાંને, ધારણાજ્ઞાનને તેઓ ‘જ્ઞાન’ માને છે અને પરદ્રવ્યનાં ગ્રહણ ત્યાગને, શરીરાદિની ક્રિયાને, અથવા બહુ તો શુભભાવને, તેઓ ‘ક્રિયા’ કલ્પે છે. ‘મને આટલું આવડે છે, હું આવી આકરી ક્રિયાઓ કરું છું’ એમ તેઓ ખોટી હૂંફમાં રહે છે.

જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના ‘જ્ઞાન’ હોય નહિ અને જ્ઞાયકના દૃઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત

ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ. પૌદ્ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે ? જડનાં કાર્યે તો જડ પરિણમે છે; આત્માથી જડનાં કાર્ય કદી ન થાય. 'શરીરાદિનાં કાર્ય તે મારાં નહિ અને વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ, હું તો જ્ઞાયક છું.' – આવી સાધકની પરિણતિ હોય છે. સાચા મોક્ષાર્થીને પણ પોતાના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ. ભલે પ્રથમ સવિકલ્પપણે હો, પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ. પછી જલદી અંતરનો પુરુષાર્થ કરે તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય, મોડો કરે તો મોડું થાય. નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી, સ્થિરતા વધારતાં વધારતાં, જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. – આ વિધિ સિવાય મોક્ષ પ્રાપ્ત કરવાની અન્ય કોઈ વિધિ નથી. ૩૫૦.

❁

સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ અનાદિઅનંત પરમપારિણામિકભાવે રહેલ છે. મુનિરાજે ( નિયમસારના ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવે ) આ પરમપારિણામિક ભાવની ધૂન લગાવી છે. આ પંચમ ભાવ પવિત્ર છે, મહિમાવંત છે. તેનો આશ્રય કરવાથી શુદ્ધિની શરૂઆતથી માંડીને પૂર્ણતા પ્રગટે છે.

જે મલિન હોય, અથવા જે અંશે નિર્મળ હોય, અથવા જે અધૂરું હોય, અથવા જે શુદ્ધ ને પૂર્ણ હોવા છતાં સાપેક્ષ હોય, અધ્રુવ હોય અને ત્રિકાળિકપરિપૂર્ણ - સમર્થ્યવાળું ન હોય, તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી; માટે ઔદયિકભાવ, ક્ષાયોપશમકિભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ અવલંબનને યોગ્ય નથી.

જે પૂરો નિર્મળ છે, પરિપૂર્ણ છે, પરમ નિરપેક્ષ છે, ધ્રુવ છે અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય છે – એવા અભેદ એક પરમપારિણામિકભાવનો જ – પારમાર્થિક અસલી વસ્તુનો જ – આશ્રય કરવા યોગ્ય છે,તેનું જ શરણ લેવા યોગ્ય છે. તેનાથી જ સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીની સર્વ દશાઓ પ્રાપ્ત થાય છે.



આત્મામાં સહજભાવે રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ ઈત્યાદિ અનંત ગુણો પણ જોકે પારિણામિકભાવે જ છે તોપણ તેઓ ચેતનદ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતાં સાધકને નિર્મળતા પરિણમતી નથી.

તેથી પરમપારિણામિકભાવરૂપ અનંતગુણસ્વરૂપ અભેદ એક ચેતનદ્રવ્યનો જ – અખંડ પરમાત્મદ્રવ્યનો જ – આશ્રય કરવો, ત્યાં જ દૃષ્ટિ દેવી, તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું, કે જેથી અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે.

માટે દ્રવ્યદૃષ્ટિ કરી અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો. તે જ, વસ્તુના અખંડ એક પરમપારિણામિકભાવનો આશ્રય છે. આત્મા અનંતગુણમય છે પરંતુ દ્રવ્યદૃષ્ટિ ગુણોના ભેદોને ગ્રહતી નથી, તે તો એક અખંડ ત્રિકાળિક વસ્તુને અભેદરૂપે ગ્રહણ કરે છે.

આ પંચમ ભાવ પાવન છે, પૂજનીય છે. તેના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે, સાચું મુનિપણું આવે છે, શાન્તિ અને સુખ પરિણમે છે, વીતરાગતા થાય છે, પંચમ ગતિની પ્રાપ્તિ થાય છે. ૩૫૩.

❁

બધાં તાળાંની ચાવી એક – 'જ્ઞાયકનો અભ્યાસ કરવો.' આનાથી બધાં તાળાં ખૂલી જશે. જેને સંસારકારાગૃહમાંથી છૂટવું

હોય, મુક્તિપુરીમાં જવું હોય, તેણે મોહરાગદ્વેષરૂપ તાળાં ખોલવા માટે જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી. ૩૭૩.

☸

જીવ ભલે ગમે તેટલાં શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ–નય–નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે, પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ અને તદ્રૂપ પરિણમે નહિ, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે, જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે, જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે. બધું ભણી ગયો, ઘણાં યુક્તિ–ન્યાય જાણ્યાં, ઘણા વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું શું ફળ ? શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે. ૩૮૧.

☸

જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય કરી, મતિશ્રુતજ્ઞાનનો ઉપયોગ જે બહારમાં જાય છે તેને અંદરમાં સમેટી લેવો, બહાર જતા ઉપયોગને જ્ઞાયકના અવલંબન વડે વારંવાર અંદરમાં સ્થિર કર્યા કરવો, તે જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે. જ્ઞાયક આત્માની અનુભૂતિ તે જ શિવપુરીની સડક છે, તે જ મોક્ષનો માર્ગ છે. બીજા બધા તે માર્ગને વર્ણવવાના ભિન્ન–ભિન્ન પ્રકારો છે. જેટલા વર્ણનના પ્રકારો છે તેટલા માર્ગો નથી; માર્ગ તો એક જ છે. ૩૮૩.

☸

જીવે અનંત કાળમાં અનંત વાર બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નહિ. દેવ–ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી,



વિચાર કરી, જો આત્માની નક્કર ભૂમિ જે આત્મ–અસ્તિત્વ તેને ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય – આત્માની પ્રાપ્તિ થાય. તે સિવાય બહારથી જેટલાં ફાંફાં મારવામાં આવે તે ફોતરાં ખાંડ્યા બરાબર છે. ૩૮૫.

☸

ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે. માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ. વિભાવને તોડવાનો એ જ ઉપાય છે. વિભાવમાં ઊભાં ઊભાં વિભાવ નહિ તૂટે; મંદ થશે, અને તેથી દેવાદિની ગતિ મળશે, પણ ચાર ગતિનો અભાવ નહિ થાય. ૩૯૫.

☸

ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને ! – આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે. પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી. ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો. દિશા આખી પલટાઈ ગઈ. ૩૯૭.

☸

પરથી ભિન્ન જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરી, વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મતિશ્રુતના વિકલ્પો તૂટી જાય છે, ઉપયોગ ઊંડાણમાં ચાલ્યો જાય છે અને ભોંયરામાં ભગવાનનાં દર્શન પ્રાપ્ત થાય તેમ ઊંડાણમાં આત્મભગવાન દર્શન દે છે આમ સ્વાનુભૂતિની કળા હાથમાં આવતાં, કઈ રીતે પૂર્ણતા પમાય તે બધી કળા હાથમાં

આવી જાય છે, કેવલજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે. ૪૦૪.

❁

પ્રશ્ન :– અનંત કાળના દુખિયારાં અમે; અમારું આ દુઃખ કેમ મટે ?

ઉત્તર :– 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું જ્ઞાયક છું' એ રસ્તે જવાથી દુઃખ ટળશે અને સુખની ઘડી આવશે. જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે – એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે. ' હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપકલપણે કર, પછી ઊંડાણથી કર, પણ ગમે તેમ કરીને એ રસ્તે જા. શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આત્મા સુખનું ધામ છે, તેમાંથી સુખ મળશે. ૪૧૯.

❁

પ્રશ્ન :– મુમુક્ષુએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું ?

ઉત્તર :– અનાદિકાળથી આત્માએ પોતાનું સ્વરૂપ છોડ્યું નથી, પણ ભ્રાન્તિને લીધે 'છોડી દીધું છે' એમ તેને ભાસ્યું છે. અનાદિકાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે, જ્ઞાયકસ્વરૂપ જ છે, આનંદસ્વરૂપ જ છે. અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે. – આવા જ્ઞાયક આત્માને બધાંથી જુદો – પરદ્રવ્યથી જુદો, પરભાવોથી જુદો – જાણવાનો પ્રયત્ન કરવો. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. જ્ઞાયક આત્માને ઓળખવો.

'જ્ઞાયકસ્વરૂપ છું' એવો અભ્યાસ કરવો, તેની પ્રતીતિ કરવી; પ્રતીતિ કરી તેમાં ઠરી જતાં, અનંત ચમત્કારિક શક્તિ તેમાં છે



તે પ્રગટ અનુભવમાં આવે છે. ૪૨૬.

❁

પ્રશ્ન :– મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે ?

ઉત્તર :– પ્રથમ દ્રવ્ય–ગુણ–પર્યાય – બધાંને ઓળખે. ચૈતન્યદ્રવ્યના સામાન્યસ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં ઠરી જાય, તો તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે. ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે, તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે.

પહેલાંમાં પહેલાં ચૈતન્યદ્રવ્યને ઓળખવું, ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો અને પછી ચૈતન્યમાં જ ઠરવું... તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે.

પ્રગટ કરવામાં પોતાની તૈયારી જોઈએ; એટલે કે ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન, તેનું જ ચિંતવન કરે, તો પ્રગટ થાય

પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે; ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે. ૪૨૭.

❁

પ્રશ્ન :– પ્રથમ આત્માનુભવ થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય ?

ઉત્તર :– છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મતત્ત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ થાય છે. જ્યાં જ્ઞાયક તરફ પરિણતિ ઢળી રહી હોય છે, ત્યાં ક્યો વિકલ્પ છેલ્લો હોય (અર્થાત્ છેલ્લે અમુક જ વિકલ્પ હોય) એવો ' વિકલ્પ' સંબંધી કોઈ નિયમ નથી. જ્ઞાયકધારાની ઉગ્રતા–

તીક્ષ્ણતા થાય ત્યાં 'વિકલ્પ ક્યો ?' તેનો સંબંધ નથી.

ભેદજ્ઞાનની ઉગ્રતા, તેની લગની, તેની જ તીવ્રતા હોય; શબ્દથી વર્ણન ન થઈ શકે. અભ્યાસ કરે, ઊંડાણમાં જાય, તેના તળમાં જઈને ઓળખે, તળમાં જઈને ઠરે, તો પ્રાપ્ત થાય – જ્ઞાયક પ્રગટ થાય. ૪૨૯.

જે જીવનું જ્ઞાન પોતાના સ્થૂલ પરિણામોને પકડવામાં કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામોને કેવી રીતે પકડશે ? અને સૂક્ષ્મ પરિણામોને ન પકડે તો સ્વભાવ કેવી રીતે પકડાશે ? જ્ઞાનને સૂક્ષ્મ–તીક્ષ્ણ કરીને સ્વભાવને પકડે તો ભેદજ્ઞાન થાય.

– પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન



# 'શ્રીમદ્ રાજચંદ્રગ્રંથ'માંથી વિધિ–વિષયક વીણેલાં રત્નો

સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.

– (બોધવચન : ૧૧૦, ૧૧૧, ૧૧૩; વર્ષ ૧૭મા પહેલાં)

❁

સહજ સ્વભાવે મુક્ત, અત્યંત પ્રત્યક્ષ અનુભવ સ્વરૂપ આત્મા છે. – (પત્રાંક : ૩૮, પૃ. ૧૭૦, વર્ષ ૨૧મું)

❁

શુદ્ધ નિરંજન અલખ અગોચર, એહિ જ સાધ્ય સુહાયો રે;
જ્ઞાનક્રિયા અવલંબી ફરસ્યો, અનુભવ સિદ્ધિ ઉપાયો રે.

– (પત્રાંક : ૩૧૧, પૃ. ૩૧૦, વર્ષ ૨૫મું)

❁

' આત્મપણું ' એ ધ્વનિ સિવાય બીજો કોઈ ધ્વનિ કોઈ પણ પદાર્થના ગ્રહણત્યાગમાં સ્મરણજોગ નથી. અનવકાશ આત્માપણું

જાણ્યા વિના, તે સ્થિતિ વિના અન્ય સર્વ કલેશરૂપ છે.

– (પત્રાંક : ૪૩૧, પૃ. ૩૬૫, વર્ષ ૨૬મું)

❁

લક્ષણથી, ગુણથી અને વેદનથી જેને આત્મસ્વરૂપ જણાયું છે, તેને ધ્યાનનો એ એક ઉપાય છે, કે જેથી આત્મપ્રદેશની સ્થિરતા થાય છે, અને પરિણામ પણ સ્થિર થાય છે.

– (પત્રાંક : ૪૭૨, પૃ. ૩૮૬, વર્ષ ૨૬મું)

❁

રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મનો ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦.
આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે મોક્ષપંથ તે રીત. ૧૦૧.
કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬.
શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭.
ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી ને દેહાતીત સ્વરૂપ.૧૨૦.
અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨.
મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩.



– (આત્મ-સિદ્ધિ)

❁

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો.

– (અપૂર્વ અવસર/૩)

❁

સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે; એમાં સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્દર્શન સમાય છે. આત્માને અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગદશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે; કેવળ નિઃસંદેહ છે.

– (પત્રાંક : ૭૮૧, પૃ. ૬૦૫, વર્ષ ૩૦મું)

❁

ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા-અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાત-અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં

રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.

– (પત્રાંક : ૯૧૩, પૃ. ૬૪૫, વર્ષ ૩૩ મું)

❁

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.

– (પત્રાંક : ૯૫૪, પૃ. ૬૫૯, વર્ષ ૩૪ મું)

❁

સત્પુરુષો જે કહે છે તે સૂત્રના, સિદ્ધાંતના પરમાર્થ છે. સૂત્ર સિદ્ધાંત તો કાગળ છે. અમે અનુભવથી કહીએ છીએ, અનુભવથી શંકા મટાડવાનું કહી શકીએ છીએ. અનુભવ પ્રગટ દિવો છે; ને સૂત્ર કાગળમાં લખેલ દીવો છે.

– (ઉપદેશછાયા : પૃ. ૭૩૪)

❁

સિદ્ધાંતના દાખલા :– (૧) 'રાગદ્વેષથી બંધ થાય છે.' (૨) 'બંધનો ક્ષય થવાથી મુક્તિ થાય છે.' આ સિદ્ધાંતની ખાતરી કરવી હોય તો રાગદ્વેષ છોડો. રાગદ્વેષ સર્વ પ્રકારે છૂટે તો આત્માનો સર્વ પ્રકારે મોક્ષ થાય છે. આત્મા બંધનના કારણથી મુક્ત થઈ શકતો નથી. બંધન છૂટ્યું કે મુક્ત છે. બંધન થવાનું કારણ રાગદ્વેષ



છે. રાગદ્વેષ સર્વથા પ્રકારે છૂટ્યો કે બંધથી છૂટ્યો જ છે. તેમાં કશો સવાલ કે શંકા રહેતાં નથી.

– (વ્યાખ્યાનસાર : પૃ. ૭૫૧-૭૫૨ (૧૩૭))

❁

હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું,
એમ સમ્યક્ પ્રતીત થાય છે.
તેમ થવાના હેતુઓ સુપ્રતીત છે.

સર્વ ઈન્દ્રિયોનો સંયમ કરી, સર્વ પરદ્રવ્યથી નિજસ્વરૂપ વ્યાવૃત કરી, યોગને અચલ કરી, ઉપયોગથી ઉપયોગની એકતા કરવાથી કેવળજ્ઞાન થાય.

– (હાથનોંધ-૩ : પૃ. ૮૨૮)

❁

પ્રત્યક્ષ નિજ અનુભવસ્વરૂપ છું, તેમાં સંશય શો ?

તે અનુભવમાં જે વિશેષ વિષે ન્યૂનાધિકપણું થાય છે, તે જો મટે તો કેવળ અખંડાકાર સ્વાનુભવસ્થિતિ વર્તે.

અપ્રમત્ત ઉપયોગે તેમ થઈ શકે.

અપ્રમત્ત ઉપયોગ થવાના હેતુઓ સુપ્રતીત છે. તેમ વર્ત્યે જવાય છે તે પ્રત્યક્ષ સુપ્રતીત છે.

અવિચ્છિન્ન તેવી ધારા વર્તે તો અદ્ભુત અનંત જ્ઞાનસ્વરૂપ અનુભવ સુસ્પષ્ટ સમવસ્થિત વર્તે –

– ( હાથનોંધ- ૩, પૃ. ૮૩૦.)

❁

સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષસંબંધી સર્વ પ્રકારના

સાધનના જયને અર્થે 'બ્રહ્મચર્ય' અદ્‌ભુત અનુપમ સહાયકારી છે, અથવા મૂળભૂત છે.

– ( હાથનોંધ-૩, પૃ. ૮૩૦)

અધ્યાત્મનો અભ્યાસ કરતી વખતે મુમુક્ષુએ તત્ત્વ સમજવાનો યત્ન કરવો જોઈએ; શબ્દના ગુણ–દોષના વિચારમાં અટકવું ન જોઈએ. હે ભવ્ય ! જો તું બુદ્ધિમાન છો તો વારંવાર અધ્યયન કરીને તત્ત્વ સમજ.

– (શ્રી નેમીશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૩૨)



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી વિધિ–વિષયક વીણેલાં રત્નો

" બહુમાન વગેરેના શુભરાગનો મહિમા ન આવતાં, ઉત્કૃષ્ટ ચિદાનંદ સ્વભાવના અનુપમ મહિમાના દઢ નિર્ણયનું પરાક્રમ થતાં અંતર સ્વભાવમાં વલણ થાય છે."

– (પત્રાંક : ૨૪)

પરિણામમાંથી અસ્તિત્વપણાની શ્રદ્ધા હઠાવીને ત્રિકાલી જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણોના દેહાકાર (દેહ પ્રમાણ) અસંખ્યાત પ્રદેશી નિજપણામાં શ્રદ્ધાની પર્યાયને એકાકારરૂપે વ્યાપ્ત કરતાં જ નિત્યપણાનો – નિજ અસ્તિત્વપણાનો અનુભવ પ્રત્યેક સમયે થાય છે. – (પત્રાંક : ૩૯)

દ્વાદશાંગનો સાર તો શ્રી ગુરુદેવે બતાવ્યો છે કે વર્તમાનમાં જ મૂળ, કાયમી, ત્રિકાળી, ધ્રુવસ્વભાવ, પરિણામોનું વિશ્રામધામ હું છે. આ સ્થાનમાં દૃષ્ટિ ફેલાવીને, સ્વયં વ્યાપક બનીને, પરિણામોની

પકડને છોડી દો. તેને સહજ જ પરિણમવા દો, તેમાં રોકાવ નહિ. પરિણમન-સ્વભાવના સમયે જ અપરિણામી સ્વભાવ પણ સાથે ને સાથે જ હોય છે. આ અપરિણામી સ્વભાવને સદા પકડી રાખો, એમાં સ્થિર થાઓ, એના વિના આરો નથી. પત્રાદિનો આધાર, શાસ્ત્રાધાર, અરે ! પ્રત્યક્ષ તીર્થંકરની આશ્રયબુદ્ધિ પણ સ્વયં વર્તમાન સામર્થ્યનો અનાદર કરનારી છે, એમ કહીને જ પરમ કૃપાળુ ગુરુદેવે વર્તમાનથી જ, તેના પરની દૃષ્ટિ હઠાવી લઈ, વર્તમાન પરિણામ પરથી હઠાવીને, ઘટ-વધ વિનાના ત્રિકાલી સદૃશ સામાન્ય સ્વરૂપમાં પોતાનો અડ્ડો જમાવી દઈને, નિશ્ચલ રહેવાનું કહ્યું છે. તેમના આવા સિંહનાદ રૂપી ઉપદેશને પામીને પણ દીનતા શા માટે ? વર્તમાનમાં જ પોતાના સિંહ-સ્વભાવને – અનંત શક્તિઓના ધામને સંભાળો. દીન વિકલ્પો નિરાશ્રય બનીને તૂટવા લાગશે, જડ કર્મો વીખરવા લાગશે, સુખ-શાંતિનું પ્રત્યક્ષ વેદન ક્ષણે ક્ષણે વધતું જશે. – (પત્રાંક : ૪૦)

❁

ચૈતન્ય-પ્રતિમા અને ચેતન-પરિણતિના સ્વતંત્ર અસ્તિત્વની યથાર્થ કબૂલાત કરીને ચેતન-પ્રતિમામાં પોતાને સ્થાપન કરતાં જ પરિણતિ (ચૈતન્ય) પ્રતિમાનું આલિંગન કરવા લાગે છે, જે ઈષ્ટ છે. – (પત્રાંક : ૪૩)

❁

જે (સ્વધામ) ની અપેક્ષાએ પરિણામ માત્ર – કેવલજ્ઞાનાદિ પરતત્ત્વ છે. આમ હોતાં જ નિત્ય અને ક્ષણિક બંને ભાવોનો અનુભવ પ્રત્યેક પળે એક જ સમયમાં થતો રહેશે, એવા ગુરુદેવનો અભિપ્રાય છે. – (પત્રાંક : ૪૬)

❁



નિત્ય શુદ્ધાત્મસ્વભાવમાં દૃષ્ટિ અભેદ કરી– તાદાત્મ્ય કરી – નિર્વિકલ્પ કરી સહજ અહંપણાથી સ્વમૂર્તિની સ્થાપના કરો. દેહ, મન, વાણી, રાગ તેમ જ ક્ષાયિક ક્ષણિક ભાવથી પણ પાર સૂક્ષ્મ, અતિ સૂક્ષ્મ સામાન્ય-દ્રવ્યમયી ગાંઠડીરૂપ બનીને સ્થિર રહો. આ નિત્ય બળની અધિકતાથી ક્ષણિક પરિણામમાં ખસો નહીં. જ્ઞાન રાગથી સહજ પૃથક્ થઈને, ક્ષણે ક્ષણે વૃદ્ધિંગત થતાં થતાં પૂર્ણ પ્રગટ થઈ જશે. – (પત્રાંક : ૫૦)

❁

પોતાના ત્રિકાળી અસ્તિત્વમાં અહંપણું થવાથી પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. – (ચર્ચા-સમાધાન : ૨૫)

❁

પ્રશ્ન :– શરૂઆતવાળાએ અનુભવનો પ્રયત્ન કઈ રીતે કરવો ?

ઉત્તર :– હું પરિણામમાત્ર નથી, ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણું સ્થાપી દેવું તે જ ઉપાય છે. ૭૦.

❁

એક જ માસ્ટર કી ( Master key ) છે, બધી વાતોમાં, બધા શાસ્ત્રોમાં એક જ સાર છે ‘ત્રિકાલીપણામાં અહંપણું જોડી દેવાનું છે.’ ૯૦.

❁

પર્યાયમાત્રની ગૌણતા કરો. અનુભવ થયો ન થયો તે ન દેખો. “ત્રિકાળી વસ્તુ જ હું છું,” પર્યાયમાત્રને ગૌણ કરીને આ તરફનો (અંતરસ્વરૂપનો) પ્રયાસ કરો. અભિપ્રાયમાં એકવાર બધાથી છૂટી જાઓ. ૨૨૮.

❁

ધ્રુવતત્ત્વ પર પગ રાખો તો પર્યાયમાં બધું કાર્ય સહજ જ થશે. ૨૩૦.

❁

વસ્તુ સાક્ષાત્ મોજૂદ પડી છે. માત્ર કલ્પના ન કરવી, પરંતુ તે રૂપ થઈ જવું. તન્મય થઈને અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્ત થઈ જવું. વસ્તુ સાક્ષાત્ છે, પછી માત્ર કલ્પના શા માટે કરવી ? તે રૂપ પરિણમી જવું. ૨૩૨.

❁

(' આત્મપ્રાપ્તિ કેમ થાય ' આ વિષયમાં જિજ્ઞાસાપૂર્વક પૂછેલા પ્રશ્નનો આ વિસ્તૃત ઉત્તર છે. –)

રુચિમાં ખરેખર પોતાની જરૂરત લાગે, ત્યારે પોતાની વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે નહિ. ચોવીસે કલાક ચિંતનમાં-વગરચિંતનમાં એક આ જ (સ્વરૂપનું ઘોલન) ચાલતું રહે. જે વિષયની રુચિ હોય છે, તે વિષય, સેંકડો બાહ્યકાર્ય કરવા છતાં પણ, ચાલુ જ રહે છે. બહારનો ઉપયોગ ઉપર ઉપર ચાલે છે – તેમાં જાગૃતિ હોતી નથી. જે વિષયની રુચિ હોય છે તેમાં જ જાગૃતિ રહે છે. સેંકડો કાર્ય કરતા રહેવા છતાં પણ, તે બધાની ગૌણતા જ રહ્યા કરે છે અને રુચિનો વિષય જ મુખ્ય રહે છે.

વિકલ્પાત્મક વિચારમાં પણ, શરીરાકાર ચૈતન્યમૂર્તિ-ને ટાંકી દો. "હું તો આ જ છું." સુખ-દુઃખની જે કાંઈ પર્યાય થાય તેની ઉપેક્ષા રાખો. "હું તો આ જ છું." વિચાર ચાલે, તેની પણ ગૌણતા રાખો. "હું તો એવો ને એવો ચૈતન્યમૂર્તિ છું." બસ આ જ દઢતા કરતા રહો.

સાંભળવું, શાસ્ત્ર વાંચવું વગેરે બધાની ગૌણતા થવી જોઈએ.



એકાંતનો વધુ અભ્યાસ રહેવો જોઈએ. (જેથી સ્વરૂપ-ઘોલન વધે.)

આ (સમ્યક્ત્વ) પ્રાપ્ત ન થયું તો જીવ નિગોદમાં ચાલ્યો જશે, એમ નિગોદના ભયથી પોતાનું કાર્ય કરવા ચાહે ( જે યથાર્થ નથી.) પરંતુ (અભિપ્રાયમાં) નિગોદની અવસ્થા હો અથવા સિદ્ધની, મારો કાંઈ બગાડ-સુધાર નથી (હું અવસ્થારૂપ નથી) એવી હું અચલિત વસ્તુ છું – એવી શ્રદ્ધા જામી જવી જોઈએ. પર્યાય ગમે તેવી હો, તેની ઉપેક્ષા જ રહેવી જોઈએ.

પરદ્રવ્યની સાથે તો કાંઈ સંબંધ જ નથી, એટલો આ વાતનો તો પક્ષ હોવો જોઈએ; પછી વસ્તુ (ત્રિકાળી ધ્રુવ) અને પરિણામ (ઉત્પાદ-વ્યય) એ બે વચ્ચેના વિચારમાં જ બધો સમય લગાવી દેવો. ચોવીસે કલાક બસ આ જ (સ્વરૂપનું ઘૂંટણ) ચાલવું જોઈએ. પ્રવૃત્તિભાવને ગૌણ કરીને આ જ એકની જ મુખ્યતા હોવી જોઈએ. આ જ પ્રયાસ નિરંતર ચાલવો જોઈએ. ૨૫૦.

❁

પ્રશ્ન :– આત્મા તો દેખાતો નથી તો પ્રત્યક્ષ કેમ થાય ?

ઉત્તર : – પરિણામ તો દેખાય છે ને ? તો પરિણામ જેમાંથી આવે છે એ ચીજનું પહેલાં અનુમાન કરવામાં આવે છે, પછી પ્રત્યક્ષ (વેદનથી) કરવો. ૫૦૬.

❁

વેદના સમુદ્ઘાતમાં જીવના પ્રદેશો શરીરની બહાર નીકળી જાય છે અને શરીરની બહાર વેદન આવે છે. તો કોઈ જીવ તેના ઉપરથી પણ શરીરથી (આત્માના) ભિન્નપણાના વિચારમાં ઉતરીને કામ કરી શકે છે. ૫૬૮.

❁

**પ્રશ્ન :– આત્માને શાસ્ત્રમાં ભેદાભેદ-સ્વરૂપ કહ્યો છે અને આપ તો આત્માને અભેદ કહો છો, તો એમાં આપનું શું પ્રયોજન છે ?**

**ઉત્તર :– પ્રમાણજ્ઞાનની અપેક્ષાએ આત્માને ભેદાભેદસ્વરૂપ કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા તો અભેદ જ છે; કારણ કે સમ્યગ્દર્શનનો વિષય ભેદ નથી. તેથી ભેદાભેદના લક્ષથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી, માત્ર અભેદના લક્ષથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે – એ જ આશય છે. ૫૮૧.**



# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृतोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॉ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |

| | | |
|---|---|---|
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | प्रवचनसार | अनुपलब्ध |
| ३३ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३४ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३५ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३६ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३७ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३८ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ३९ | समयसार नाटक | अनुपलब्ध |
| ४० | समयसार कलस टीका | अनुपलब्ध |
| ४१ | समयसार | अनुपलब्ध |
| ४२ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४३ | तत्थ्य | अनुपलब्ध |
| ४४ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४५ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |

-



## વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજું કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્‌ ભગવત્‌ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્‌ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૩ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૫ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૮ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૨૯ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૦ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૧ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૨ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૬ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૮ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૩૯ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૦ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૧ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |



| | | |
|---|---|---|
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૩ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૪ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૫ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૬ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૦ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૧ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૨ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૩ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૪ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૫ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૬ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક- ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૭ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૬૮ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૬૯ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૦ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૧ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૪ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૫ | ધન્ય આરાધક | - |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | ज्ञानामृत (गुजराती) | १०,५०० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ६६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३५०० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४००० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२ | ५००० |



| | | |
|---|---|---|
| ३० | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३१ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७००० |
| ३२ | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३५०० |
| ३४ | जिण सासणं सव्वं (गुजराती) | २५०० |
| ३५ | जिण सासणं सव्वं (हिन्दी) | २५०० |
| ३६ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २५०० |
| ३७ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३८ | धन्य आराधना (गुजराती) | १००० |
| ३९ | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४० | प्रवचन नवनीत भाग-१-४ | ५८५० |
| ४१ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४२ | पथ प्रकाश (गुजराती) | २५०० |
| ४३ | प्रयोजन सिद्धि (गुजराती) | ४००० |
| ४४ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४५ | विधि विज्ञान (गुजराती) | २५०० |
| ४६ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४७ | भगवान आत्मा (गुजरात+हिन्दी) | ४००० |
| ४८ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ४९ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५० | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५१ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५२ | बीजुं कांई शोध मा (गुजराती) | ४५०० |
| ५३ | दूसरा कुछ न खोज (हिन्दी) | २५०० |
| ५४ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | ३००० |
| ५५ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५६ | अमृत पत्र (गुजराती) | २००० |
| ५७ | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ५८ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ५९ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | २५०० |
| ६० | आत्मयोग (गुजराती) | १५०० |
| ६१ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६२ | अनुभव संजीवनी (गुजराती) | १००० |

| | | |
|---|---|---|
| ६३ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६४ | ज्ञानामृत (हिन्दी) | २५०० |
| ६५ | वचनामृत रहस्य | १००० |
| ६६ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ६७ | कहान रत्न सरिता (हिन्दी-गुजराती) | २५०० |
| ६८ | प्रवचन सुधा (भाग-१) | १४०० |
| ६९ | कुटुम्ब प्रतिबंध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७० | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी-गुजराती) | ३००० |
| ७१ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | ७५० |
| ७३ | प्रवचन सुधा (भाग-२) | १२५० |
| ७४ | समयसार दोहन | १२५० |
| ७५ | गुरु गुण संभारणा | १२५० |
| ७६ | सुविधिदर्शन | १५०० |
| ७७ | समकितनुं बीज | १५०० |
| ७८ | स्वरूपभावना | १००० |
| ७९ | प्रवचन सुधा (भाग-३) | १५०० |
| ८० | प्रवचन सुधा (भाग-४) | १५०० |
| ८१ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ | १५०० |
| ८२ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ | १५०० |
| ८३ | सुविधि दर्शन (हिन्दी) | १००० |
| ८४ | प्रवचन सुधा (भाग-५) | १५०० |
| ८५ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) | १००० |
| ८६ | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) | १००० |
| ८७ | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ८८ | प्रवचन सुधा (भाग-६) | १००० |
| ८९ | राज हृदय (भाग-१) | १५०० |
| ९० | राज हृदय (भाग-२) | १५०० |
| ९१ | अध्यात्मसुधा (भाग-१) | १५०० |
| ९२ | अध्यात्मसुधा (भाग-२) | १००० |
| ९३ | गुरु गिरा गौरव (भाग-१) | १००० |
| ९४ | अध्यात्म सुधा (भाग-३) | १००० |



| | | |
|---|---|---|
| ९५ | प्रवचन सुधा (भाग-७) | १२५० |
| ९६ | प्रवचन सुधा (भाग-८) | १२५० |
| ९७ | राज हृदय (भाग-३) | ७५० |
| ९८ | मुक्तिनो मार्ग (गुजराती( | १५०० |
| ९९ | प्रवचन नवनीत (भाग-३) | १००० |
| १०० | प्रवचन नवनीत (भाग-४) | १००० |
| १०१ | प्रवचन सुधा (भाग-९) | ७५० |
| १०२ | गुरु गिरा गौरव (भाग-२) | ७५० |
| १०३ | प्रवचन सुधा (भाग-२) हिन्दी | १००० |
| १०४ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| १०५ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| १०६ | धन्य आराधक (गुजराती) | ७५० |